Published on 2nd of Every Month

# સુવિચાર

Retail Price : 15.00

Year-48 Vol. No. 11 FEBRUARY-2018 Total Page : 36 Yearly Subscriptions Rs. 150-00



સદ્‌વિચાર પરિવાર
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,
જોધપુર ટેકરા, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

# સદ્‌વિચાર પરિવાર આયોજિત મનનો જમણવાર






'મનના જમણવાર'ના પ્રસંગે પ્રાર્થનાથી શરૂઆત કરાવતા સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલના દીકરી શ્રીમતિ રંજનબહેન પંચાલ તેમજ દિપ પ્રાક્ટયમાં ભાગ લઈ રહેલાં ડો. જ્યોતિબહેન થાનકી, ડો. પ્રીતિબહેન શાહ, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પી. કે. લહેરી, મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ અધ્વર્યુ, ટ્રસ્ટીશ્રી કે. આર. સિંગ, શ્રી જે. બી. પંચાલ અને શ્રી પીયૂષભાઈ દેસાઈ



મનના જમણવારના મુખ્ય વક્તા તરીકે પ્રવચન કરવા પધારેલા જાણીતા સાહિત્યકાર અને સમર્થ વક્તા ડો. જ્યોતિબહેન થાનકીનું સ્વાગત કરતાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી પ્રફુલ્લભાઈ અધ્વર્યુ.



મનના જમણવારના વિશિષ્ટ વક્તા તરીકે પ્રથમ દિવસે પ્રવચન કરવા પધારેલા ડો. પ્રીતિબહેનનું ફુલછડીથી સ્વાગત કરતાં સંસ્થાના ટ્રસ્ટી ડો. પંકજભાઈ શાહ



મનના જમણવારના વિશિષ્ટ વક્તા તરીકે બીજા દિવસે પ્રવચન કરવા પધારેલા ડો. રંજના હરિશ



મનના જમણવારના વિશિષ્ટ વક્તા તરીકે ત્રીજા દિવસે પ્રવચન કરવા પધારેલા શ્રી નીતિન શુક્લ



મનના જમણવારના વિશિષ્ટ વક્તા તરીકે ચોથા દિવસે પ્રવચન કરવા પધારેલા શ્રી રજનીકુમાર પંડ્યા. બાજુમાં શ્રી પી. કે. લહેરી અને શ્રી પીયૂષભાઈ દેસાઈ, શ્રી પ્રફુલ્લભાઈ અધ્વર્યુ અને શ્રી જે. બી. પંચાલ




મનના જમણવારના વિશિષ્ટ વક્તા તરીકે પાંચમા દિવસે પ્રવચન કરવા પધારેલા જાણીતા પત્રકાર, તંત્રી અને લેખક શ્રી રમેશ તન્નાનું સ્વાગત કરતાં ટ્રસ્ટીશ્રી કે. આર. સિંહ






મનના જમણવાર કાર્યક્રમમાં દર વર્ષે સેવાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિને 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' અર્પણ કરવામાં આવે છે. તેના અનુસંધાનમાં ૨૦૧૬-૧૭નો એવોર્ડ સ્વીકારવા માટે પધારેલા સેવાતીર્થ - વડોદરાના અગ્રણી શ્રી પુરુષોત્તમભાઈ પંચાલનું પુસ્તકોથી સ્વાગત કરતાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી જિતુભાઈ બી. પંચાલ તેમજ શ્રી જ્યોતિબહેનના વરદ્હસ્તે એવોર્ડ તેમજ ધનરાશીનો ચેક સ્વીકારતા શ્રી પુરુષોત્તમભાઈ પંચાલ અને ટ્રસ્ટીઓ.




એવોર્ડ સ્વીકાર બાદ પોતાનો પ્રતિભાવ જણાવતા શ્રી પુરુષોત્તમભાઈ પંચાલ



મનનો જમણવાર પ્રવચનશ્રેણમાં પાંચેય દિવસ ખૂબ મોટી સંખ્યામાં શ્રોતાઓએ લાભ લીધો હતો.



મનનો જમણવારના છેલ્લા દિવસે સદ્વિચાર પરિવાર પ્રકાશિત વાલ્મિકી રામાયણનું વિમોચન કરવામાં આવ્યું હતું.



સદ્વિચાર પરિવાર કેમ્પસમાં આવેલી લોનમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો હતો.





બીના શ્રેયસ પંડ્યા આરોગ્ય, શિક્ષણ, અને માહિતી સંદર્ભ કેન્દ્ર સદ્વિચાર પરિવાર અને લાફીંગ કલબના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આરોગ્ય પ્રવચનશ્રેણીના અનુસંધાનમાં તા.૭-૧-૨૦૧૮ના રોજ 'આઈસીયુ સારવાર અંગે જરૂરી હકીકતો અને ભ્રમણાઓ' પર પ્રવચન યોજવામાં આવ્યું હતું. જેમાં ડો. પ્રતિભા દિલીપનું શાલ અને પુસ્તકો વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. પ્રતિભા દિલીપ દ્વારા આઈસીયુ સારવારની ભ્રમણાઓ અંગે ખૂબ ઉંડાણપૂર્વક સમજણ આપી હતી.

**Published on 2nd of Every Month**
**SUVICHAR FEBRUARY-2018 RNI No. of RNI is 11067/1966**
**Registered Under Postal Registration No.GAMC-113/2018-2020 Valid up to 31st December-2020 issued by the SSPO's Ahmedabad City Division**
**Permitted on Post at Ahmedabad PSO on 2nd of Every Month**
**Lincesed to Post without Pre-Payment No.PMG/HQ/017/2018-2020 Valid up to 31-12-2020**

**બીના શ્રેયસ પંડ્યા આરોગ્ય, શિક્ષણ માહિતી સંદર્ભ કેન્દ્ર સદ્‌વિચાર પરિવાર**
અને **લાફિંગ કલબ અમદાવાદ (ઈન્ડિયા)ના** સંયુક્ત ઉપક્રમે
ઉંમર લાયક વ્યક્તિઓની આરોગ્ય સમસ્યાઓ માટેની પ્રવચન શ્રેણી અંતર્ગત
**વર્ષ-3**

**છઠ્ઠું વ્યાખ્યાન**

**સળંગ ત્રીસમું વ્યાખ્યાન**

## અંગદાન

**વક્તા : ડૉ. પ્રાંજલ મોદી**

**રવિવાર,૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮, સવારે ૯:૩૦ કલાકે**

સન્માન :
**શ્રી માધવ રામાનુજ**

સ્થળ : **મદનમોહન રમણલાલ સભાગૃહ સદ્‌વિચાર પરિવાર**
રામદેવનગર બીઆરટીએસ બસ-સ્ટોપ સામે, જોધપુર ટેકરા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.
**વધુ વિગત માટે સંપર્ક : જપન દવે ૯૮૭૯૯૫૭૭૧૫**

**ઉપરના બધા જ કાર્યક્રમોમાં સદ્‌વિચાર પરિવાર સીનીયર સીટીઝન ગૌરવ ગ્રુપ તેમજ મેગા સિટી સીનીયર સિટીઝન ફેડરેશનના સભ્યો અને રસ ધરાવતા સૌ કોઈને હાર્દિક આમંત્રણ છે.**

**આગામી પ્રવચન**

**અનિંદ્રાની આધુનિક સારવાર અને નિદાન**
**વક્તા : ડો. કલ્પેશ તલાટી ● રવિવાર, ૧૧ માર્ચ, ૨૦૧૮ સવારે ૯-૩૦ કલાકે.**
**સન્માન : શ્રી પ્રશાંતભાઈ કિનારીવાળા, શ્રી ક્ષિતિજભાઈ મદનમોહન અને ડો. આર. કે. પટેલ**

If Undelivered, Please Return to :
SADVICHAR PARIVAR
Ramdevnagar Satellite Road, Ahmedabad-380015. Phone : 079-26861055

# સુવિચાર

માનવતાનો મહિમા ગાતું સદ્‌વિચાર પરિવારનું સામયિક

આદ્ય તંત્રી :

**સદ્‌ગત હરિલાલ વિ. પંચાલ 'નિમિત્તમાત્ર'**

તંત્રી :

**પ્રવીણ ક. લહેરી**

**વર્ષ : 48 ⌘ અંક : 11 ⌘ સળંગ અંક : 635 ⌘ ફેબ્રુઆરી-2018**

**Web Site** : www.sadvichar.com ⌘ **E-mail** : sdparivar.org@gmail.com

**ટ્રસ્ટી મંડળ**

**માણેકલાલ એચ. પટેલ**
પ્રમુખ
**પ્રવીણ ક. લહેરી**
ઉપપ્રમુખ/મેનેજિંગ ટ્રસ્ટી
**પ્રફુલ્લ એચ. અધ્વર્યુ**
મંત્રી
**જિતેન્દ્ર બી. પંચાલ**
સહમંત્રી
**કે. આર. સિંગ**
કોષાધ્યક્ષ
**પીયૂષ ઓ. દેસાઈ**
ટ્રસ્ટી
**ડો. પંકજ એમ. શાહ**
ટ્રસ્ટી
**શૈલેષ આઈ. પટવારી**
ટ્રસ્ટી
**વિનોદ એ. શાહ**
ટ્રસ્ટી

લેખકોના મત સાથે સંસ્થા સહમત છે તેમ માની લેવું નહીં.

**અનુક્રમણિકા**

| ક્રમ. | લેખનું શિર્ષક | લેખક | પાનું |
|---|---|---|---|
| 1. | જીવન અંજલિ થાજો, મારું જીવન-જીવન અંજલિ થાજો | વી. એસ. ગઢવી | 5 |
| 2. | સોફિયા : વરદાન કે અભિશાપ | રવીન્દ્ર પાટડિયા | 9 |
| 3. | એસ.એસ.સી.ની પરીક્ષા આપતા-વિદ્યાર્થીઓને... | ડૉ. કે. યુ. લવિંગીયા | 12 |
| 4. | નવી પેઢી સાથે કદમ મિલાવવા-જરૂરી છે. | ફાધર વર્ગીસ પોલ | 14 |
| 5. | સદ્‌વિચાર પરિવારની સહયોગી-થવા માટેની અપીલ | - | 17 |
| 6. | પાંચ હજાર કરોડ વર્ષ જૂની સંસ્કૃતિ | - | 21 |
| 7. | પરમેશ્વરની પ્રતીતિ | રણછોડ શાહ | 23 |
| 8. | મનનો જમણવાર અને સ્વ. હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ અહેવાલ | પ્રવીણ ક. લહેરી | 26 |
| 9. | સદ્‌વિચાર સમાચાર સેવા | - | 27 |
| 10. | ઑક્ટો.૧૭ થી ડિસે.૧૭ દરમિયાન-સદ્‌વિચાર પરિવારને મળેલ દાનની વિગત. | - | 28 |

# નિવેદન

જાન્યુઆરી ઈ.સ.નો પ્રથમ મહિનો છે. સદ્‌વિચાર પરિવાર માટે તેના સ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલની જન્મજયંતી અને પૂણ્યતિથિના કારણે આ મહિનો સવિશેષ મહત્ત્વ ધરાવે છે. વર્ષ ૨૦૧૨ થી શરૂ કરેલી પરંપરા અનુસાર દર વર્ષે શ્રી હરિભાઈની પુણ્યતિથિ તા.૬ જાન્યુઆરીથી શરૂ કરીને તેમની જન્મજયંતી તા.૧૦ જાન્યુઆરી સુધી પાંચ દિવસનો 'મનનો જમણવાર' કાર્યક્રમ સતત યોજાઈ રહ્યો છે. શ્રી હરિભાઈ પંચાલે પોતાના પત્નીના અવસાન બાદ શ્રાદ્ધપક્ષમાં આ કાર્યક્રમ શરૂ કર્યો હતો જેમાં અનેક વિદ્વાન વક્તાઓએ નોંધપાત્ર પ્રદાન કર્યું હતું. વર્ષ ૨૦૦૯ થી મનના જમણવારમાં ગુજરાતના જાણીતા વિદૂષી વક્તા ડૉ. જ્યોતિબહેન થાનકી દ્વારા અલગ અલગ વિષય ઉપર પ્રવચનો દ્વારા માનવજીવન સાર્થક થાય તે માટે ખૂબ અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮ના મનના જમણવારનો અહેવાલ આ અંકમાં અન્યત્ર સમાવેલ છે. શ્રીમતી જ્યોતિબહેન થાનકી અને વિશિષ્ટ વક્તાઓ ડૉ. પ્રીતિબહેન શાહ, શ્રીમતી રંજના હરીશ, ડૉ. નીતિન શુકલ, શ્રી રજનીકુમાર પંડ્યા અને શ્રી રમેશ તન્ના દ્વારા મનના જમણવારમાં અદ્‌ભૂત કહી શકાય એવા ખૂબ મનનીય પ્રવચનો આપવામાં આવ્યાં. સતત ચાર દિવસ ૩૫૦ થી ૪૦૦ વ્યક્તિઓ અને છેલ્લા દિવસે ૭૦૦ થી ૮૦૦ વ્યક્તિઓએ આ કાર્યક્રમમાં લાભ લીધો તે ઘટના સદ્‌વિચાર પરિવાર માટે ગૌરવપ્રદ છે.

મનના જમણવારમાં તા.૧૦ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ વડોદરાની જાણીતી સંસ્થા 'સેવાતીર્થ'ના પ્રમુખ શ્રી પુરુષોત્તમભાઈ પંચાલની અનેકવિધ સેવાઓની કદરરૂપે 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ-૨૦૧૭' અર્પણ કરવામાં આવ્યો જેનો અહેવાલ પણ અન્યત્ર રજૂ કરવામાં આવેલ છે.

દર વર્ષની માફક આ વર્ષે પણ તા.૧૩ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ મકરસંક્રાંતિ નિમિત્તે વિકલાંગ બાળકો, વંચિત બાળકો અને સંપન્ન પરિવારના બાળકો સૌને સમરસ કરતો પતંગોત્સવ યોજવામાં આવ્યો. ૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો અને મન મૂકીને આનંદ માણ્યો તેનો અમને સંતોષ છે. પતંગોત્સવ અહેવાલ પણ આ અંકમાં સમાવેલ છે.

સદ્‌વિચાર પરિવારની મોડાસા શાખા દ્વારા ગરીબો માટે અને જેલમાં રહેલા કેદીઓ અને ગરીબો માટે ધાબળાની જરૂરિયાત દર્શાવાતા ચાલુ માસે અંદાજિત એક લાખના ખર્ચે ૩૩૦ વ્યક્તિઓને ગરમ ધાબળા પૂરા પાડવામાં આવ્યા છે. આ માટે જે કોઈ દાતાઓએ સહયોગ આપ્યો છે તેમનો સદ્‌વિચાર પરિવાર આભાર માને છે.

જાન્યુઆરી મહિનામાં હિંદુ આધ્યાત્મિક અને સેવામેળામાં સદ્‌વિચાર પરિવારે ભાગ લીધો. આ મેળામાં આવેલી તમામ સંસ્થાઓ અને હજારો વ્યક્તિઓને સદ્‌વિચાર પરિવારની પ્રવૃત્તિઓથી માહિતગાર કરતું સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું. સદ્‌વિચાર પરિવારની પ્રવૃત્તિઓ વિશે અનેક મહાનુભાવોએ સુંદર અભિપ્રાયો આપ્યા એ પણ એક સંતોષની ઘટના છે.

જાન્યુઆરી મહિનામાં શ્રી કલ્પેશ પૂજારા દ્વારા રૂા.૫૦૦ની નજીવી માસિક ફી લઈને સાંજે ૬ થી ૭ યોગવર્ગ શરૂ કરવામાં આવ્યો છે જે શરૂઆતથી જ લોકપ્રિય બની રહ્યો છે. યોગવર્ગમાં વધારે લોકો જોડાય, ખાસ કરીને વૃદ્ધાવસ્થાની બીમારીઓથી બચવા અને શરીરની કાળજીમાં યોગના આસનો ઉપયોગી હોઈ વરિષ્ઠ નાગરિકો પણ આ વર્ગમાં જોડાઈ રહ્યા છે.

સદ્‌વિચાર પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી પ્રવીણ લહેરીને શેરથા હાઈસ્કૂલ અને ગુજરાત પેન્શનર સમાજની વાર્ષિક મિટીંગમાં અતિથિવિશેષ તરીકે બોલાવી પ્રેરણાત્મક પ્રવચનો કરવા માટે કાર્યક્રમો યોજાયા હતા. સદ્‌વિચાર પરિવારમાં યોજાતા કાર્યક્રમોમાં તેમજ સદ્‌વિચાર પરિવારના ટ્રસ્ટીઓ જે ખાસ કાર્યક્રમમાં હાજરી આપે તેમાં સદ્‌વિચાર પરિવારની પ્રવૃત્તિઓનું સાહિત્ય વિતરણ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

સદ્‌વિચાર પરિવારની અનેકવિધ પ્રવૃત્તિઓમાં નાનાં-મોટાં દાનો મળતાં રહે છે. પરંતુ નોટબંધી અને જીએસટી બાદ થોડીક નાણાંકીય ખેંચ લગભગ તમામ સંસ્થાઓમાં અનુભવાય છે. સદ્‌વિચાર પરિવારના શુભચિંતકોને વિનંતી કે માનવસેવાનું કાર્ય સુગમતાથી આગળ વધતું રહે તે માટે આપના તરફથી અને આપના સ્નેહી-મિત્રો તરફથી દાનની સરવાણી વહેતી રહે તે માટે નમ્ર વિનંતી છે.

**સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**

## જીવન અંજલિ થાજો, મારું જીવન અંજલિ થાજો

વી. એસ. ગઢવી

કરૂણાના અવતાર સમાન ભગવાન ઈસુની સ્મૃતિ નાતાલના પવિત્ર દિવસોમાં થવી સ્વાભાવિક છે. ભગવાન ઈસુ કે તથાગત બુદ્ધના ઉજ્જ્વળ, પરંતુ કંટકભર્યા માર્ગે ચાલનારા કેટલાક વીરલાઓનું સ્મરણ તહેવારોના દિવસોમાં થાય છે. કરુણા તથા સ્નેહના સંદેશને જીવનમાં ઉતારી કેટલાક મહામના અને ઉદારમના માનવીઓએ, દુનિયાના લોકોને પોતાના ભાડું માનીને તેમની સેવામાં જીવતર ખપાવી દીધું છે. આવા વ્યકિતવિશેષોના જીવન તરફ દૃષ્ટિપાત કરીને જાતને રિચાર્જ કરવાની આ ક્ષણ છે.

હિમાલયની વનરાજી અનેક સૈકાઓનાં સંભારણાં અને સમૃદ્ધિ ધારણ કરીને ઉન્નત મસ્તકે ઊભી છે. આ વનરાજીઓની વચ્ચે દાર્જીલિંગમાં નાના એવા સ્મારક પર યાદગાર શબ્દો લખ્યા છે :

''અહીં સૂતાં છે ભગિની નિવેદિતા, જેમણે ભારતને પોતાનું સર્વસ્વ અર્પણ કરેલું છે.'' દાર્જીલિંગમાં ૧૯૧૧ ના વર્ષમાં ઑકટોબર માસની ૧૩ મી તારીખે ભગિનીએ દેહ છોડ્યો. સામર્થ્યવાન ગુરુ વિવેકાનંદના આ જાજ્વલ્યમાન શિષ્યાએ જીવનના છેલ્લા શ્વાસ સુધી રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિઓ સક્રિય રહીને કરી.

આયર્લેન્ડના એક પાદરી કુંટુંબમાં જન્મેલાં માર્ગારેટ નોબલે સ્વામી વિવેકાનંદના દર્શન અનુસાર ભારતવર્ષની નવજાગૃતિ માટે કાર્ય કર્યું. માર્ગારેટ નોબલ ૧૮૯૮ ના જાન્યુઆરી માસમાં ભારત આવ્યાં. માર્ગારેટ સ્વામીજીની પ્રેરણાથી ભગિની નિવેદિતા બન્યાં. તેઓ સંપૂર્ણપણે ભારતીય થઈને રહ્યાં. માર્ગારેટને મા શારદામણિદેવીના વ્યકિતત્વમાં માધુર્યની સાક્ષાત્ મૂર્તિનાં દર્શન થયાં. જયાં જયાં સામાન્ય માનવીઓની પીડા તેમણે જોઈ ત્યાં કરુણામૂર્તિ ભગિનીએ રાહત આપવાની કામગીરી બજાવી.

કલકત્તામાં ભીષણ પ્લેગના સમયે શહેરની ગંદી ગલીઓમાં જઈને સેવા પૂરી પાડતા આ કરુણાની દેવીના લોકોએ દર્શન કર્યાં. પોતે શાળા શરૂ કરે તેમાં લોકો પોતાની દીકરીઓને મોકલતા થાય તેવા ભરપૂર પ્રયાસો તેમણે કર્યા. બાલિકાઓ માટેની પોતે શરૂ કરેલી શાળાનું ઉદ્‌ઘાટન પણ તેમણે મા શારદામણિદેવીના હસ્તે કરાવીને રૂઢિચુસ્ત કુંટુંબોને કેળવણી તરફ જવાનો સબળ સંકેત આપ્યો. રામકૃષ્ણ મિશનની સાપ્તાહિક સભાઓમાં ભાષણો આપીને નૂતન વિચારોના પ્રસારનું કાર્ય તેમણે એક લોકશિક્ષકની જેમ સતત કર્યું. ભગિનીની શ્રદ્ધા તથા અર્ચનાનાં કેન્દ્રો એ પરમતત્ત્વ ઉપરાંત ગુરુ વિવેકાનંદ તથા સમગ્ર ભારત દેશ હતા. કવિગુરુ ટાગોરે સિસ્ટરને 'લોકમાતા' તરીકે ઓળખાવ્યાં હતાં તે યથાર્થ છે. ભગિની નિવેદિતા એ ભગવાન ઈસુ અને કરુણામૂર્તિ બુદ્ધના ખરા વારસદાર હતા. હજારો માઈલ દૂરથી તેઓ ભારતની ધરતી પર આવ્યાં અને સેવાકાર્ય કરતાં-કરતાં અહીં જ તેમણે જીવનના અંતિમ શ્વાસ લીધા.

આવું જ બીજું એક પુણ્યશ્લોક નામ નાતાલના દિવસોમાં સ્મૃતિમાં અચૂક આવે છે. મધર ટેરેસાને કોણ ન ઓળખે ? તેમના યશસ્વી કાર્ય માટે મધરને ૧૯૭૯ના નોબલ શાંતિ પુરસ્કાર મળ્યો ત્યારે તેમણે કહ્યું :

''કાર્યની પસંદગીમાં કોઈ આયોજન ન હતું, નહોતો કોઈ પૂર્વ નિર્ધારિત વિચાર. લોકોની યાતના અમને બોલાવતી ગઈ તેમ અમે અમારું કામ કરતા ગયા. શું કરવું તેનું માર્ગદર્શન ઈશ્વરે કરાવ્યું.''

આજના તહેવારો સાથે મોટા પ્રમાણમાં ભપકા જોવા મળે છે. લખલૂટ ખર્ચાઓ અમુક કિસ્સામાં થતા જોવા મળે છે. કેટલાંક આયોજનો પર્યાવરણ માટે જોખમી હોય તો પણ યોજવામાં આવે છે. આ સંદર્ભમાં મિશનરીઝ ઑફ ચેરિટીની સ્થાપના દિવસે યોજવાની થતી ઉજવણીના સંદર્ભમાં મધરે કહ્યું : "ઉજવણીમાં સાદાઈ જરૂરી છે. ખર્ચ કે ઉત્સવ સુશોભન નહીં. કેવળ આભાર..... ઈશ્વરનો આભાર ..... આપણી ઉજવણીના કેન્દ્રમાં ઈશ્વર હોવો જોઈએ., એથી સૌને પ્રતીતિ થશે કે આપણે કરીએ છીએ તે ઈશ્વરનું કાર્ય છે."

સેવા અને પ્રાર્થના મધરના જીવનના અભિન્ન અંગ હતા. વિદેશ પ્રવાસમાં એક વાર સીમા ઓળંગીને ગાઝા સ્ટ્રીપમાં જઈ રહ્યા હતા ત્યારે સલામતીના કર્મચારીએ તેમને પૂછયું : "તમારી પાસે કોઈ હથિયાર છે ?"

મધરનો ત્વરિત ઉત્તર : "હા, છે ને ! મારી પ્રાર્થનાનાં પુસ્તકો છે."

આવા ઉદારચરિત અને સ્નેહસિંચન કરનારી વ્યકિતઓએ માનવી પ્રત્યેની પોતાની નિષ્ઠાનું દર્શન કરાવ્યું છે. જગત તરફથી જે અવરોધો ઊભા કરવામાં આવ્યા તેનો પણ તેઓએ સ્નેહથી સ્વીકાર કર્યો. ગાંધીજીએ 'અવગુણ' સામે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી' એ વાતની પૂર્તિ પોતાના આજીવન આચરણથી કરી.

મોહન (ગાંધીજી)ના સાથી ચાર્લી (દીનબંધુ એન્ડ્રુઝ) પણ આવા એક વિશ્વ નાગરિક હતા. જ્યાં જ્યાં પીડિતોનો સાદ સંભળાયો ત્યાં ત્યાં તેઓ ગયા. સહજભાવે અને પૂરી સંવેદનશીલતાથી તેમના સુખ-દુખમાં સહભાગી થયા. ભારત હોય, દક્ષિણ આફ્રિકા હોય કે ફિઝી હોય, એ દરેક સ્થળે આ સાંતાકલોઝ પ્રેમ, આનંદ તથા સહાનુભૂતિની ભેટ લઈને ફર્યા. નાતાલના પવિત્ર તહેવારોના સમયે આ પાવનકારી સંતનું સ્મરણ થવું સ્વાભાવિક છે. તેઓ આપણાં ઠકકરબાપા કે રવિશંકર મહારાજની હરોળમાં બેસે તેવા મહામના સેવક હતા. જયાં માનવતા જોડે છે ત્યાં સંપ્રદાયો કદી પણ વિચ્છેદ કરતા નથી. દીનબંધુના સમરણ સાથે ગુજરાતના સંદર્ભમાં વિચાર કરીએ તો ફાધર વાલેસની સ્મૃતિ પણ તાજી થાય. સ્પેનના આ પાદરીએ સવાયા ગુજરાતી થઈને ગુજરાતી સાહિત્યમાં કેટલું મોટું તથા નોંધપાત્ર પ્રદાન કર્યું ! તેમાંયે યુવાનો માટેનો તેમનો વિશેષ સ્નેહ તથા તથા યુવાનોને દિશા ચીંધનારા તેમના તરોતાજા વિચારો ગમે તે સમયે પ્રાસંગિક લાગે તેવા છે.

ગાંધીજીનું વ્યકિતત્વ એવું હતું કે અનેક ક્ષેત્રના તથા અલગ-અલગ આચાર-વિચાર ધરાવતા આપણા દેશના તેમજ વિદેશોના ઘણાં લોકો તેમનાથી આકર્ષિત થયા હતા. કવિવર ટાગોર જેવા શ્રેષ્ઠ કક્ષાના સર્જક હોય કે ટૉલ્સ્ટૉય જેવા વિશ્વના સુવિખ્યાત ચિંતક હોય, પરંતુ ગાંધીજી તરફ તેમને આકર્ષણ રહેતું હતું.

તેમાંના ઘણા લોકો સાથે તેઓ અંગત સંબંધોથી પણ જોડાયેલા રહ્યા હતા. ચાર્લ્સ એન્ડ્રુઝ આવા એક સજ્જન હતા. ઈંગ્લૅન્ડમાં ૧૮૭૧માં જન્મેલા ચાર્લ્સ ભારત સાથે અને ગાંધીજી સાથે અનન્ય ઐકયનું ઉજળું જીવન જીવી ગયા. તેઓ પાદરીનું સંતાન હતા. ધર્મનું વાતાવરણ તથા સંસ્કાર તેમનામાં સહજ રીતે સંચરેલા હતા. સારા-નરસાનો નિર્ણય પોતે સ્વતંત્ર રીતે કરી શકે તેવા તટસ્થ વિચારક હતા. આથી પિતા જે સંપ્રદાય સાથે જોડાયેલા હતા તેને પણ તેઓ છોડી શકયા હતા. એમનામાં ઊંડે-ઊંડે હિંદ તરફનું ખેંચાણ હતું. એન્ડ્રુઝને શિક્ષણ સારું મળ્યું. અભ્યાસમાં ખૂબ જ ચીવટ હોવાના કારણે યશસ્વી કારકિર્દી હતી, પરંતુ તેમની સંવેદના દુખિયારા તથા તરછોડાયેલા તરફ હોવાથી મોભાદાર નોકરી તરફ તેમનું ધ્યાન કદી ન ગયું. સાદું તથા ઓછી જરૂરિયાતો હોય તેવું જીવન જીવવાની તેમની ખેવના હતી.કૉલેજમાં અધ્યાપનકાર્ય પણ તેમણે થોડાં વર્ષો સુધી કર્યું. તેઓને દુનિયાભરના અલગ-અલગ સમાજના જીવનમાં જૂની અસર છે તેવા વિવિધ ધર્મો વિશેની જાણકારી મેળવવાની તાલાવેલી હતી, આથી તેનું

અધ્યયનકાર્ય પણ તેમણે એકનિષ્ઠાથી કર્યું.

સ્વાભાવિક રીતે તેના કારણે દૃષ્ટિમાં વિશાળતા આવી. દરેક ધર્મમાં સારા તત્ત્વો છે તેની પ્રતીતિ થઈ. આપણાં ગાંધીયુગના કેટલાક મહાનુભાવો જેમાં વિનોબાજી કે કિશોરલાલ મશરૂવાલાની સ્મૃતિ થાય કે જેઓ પણ વિભિન્ન ધર્મો તથા શાસ્ત્રોનો અભ્યાસ કરીને આપણાં સુધી તેનો અર્ક પહોંચાડી શકયા. અંતે તેમના મનમાં ભારત આવવાની જે ઈચ્છા હતી તે પૂરી થવાનો સમય આવ્યો. વીસમી સદીની શરૂઆતના બ્રિટિશ શાસન હેઠળના હિન્દમાં ૧૯૦૪માં તેઓ ભારત આવ્યા. પોતાની ઈચ્છા પૂરી થઈ તેનો આનંદ એન્ડ્રુઝને હતો. એ કેવો સુખદ યોગાનુયોગ કહેવાય કે આટલે દૂરથી આવતા એક અજનબીને હિન્દ માદરે-વતન જેવું લાગ્યું. અહીંની ભૂમિનું ખેંચાણ યથાવત્ રહ્યું. હિંદની ધરતીનું પ્રાકૃતિક સૌંદર્ય પણ તેમને વિશિષ્ટ લાગ્યું.

દીનબંધુ આવ્યા એક મિશનરી તરીકે, પરંતુ તેમની દૃષ્ટિની વિશાળતા તેમજ હિંદ પ્રત્યેના વિશેષ ભાવને કારણે તેઓ જુદા પડતા હતા. હિંદનો તેમજ હિંદની સમસ્યાઓનો વિશેષ પરિચય મેળવવામાં તેમને તે વખતના સ્વાતંત્ર્ય માટેની ચળવળના નેતાઓ સાથેનો પરિચય વિશેષ ઉપયોગી થયો. તેમની લંડનની સારવાર માટેની મુલાકાત દરમિયાન ગુરુદેવ ટાગોરને મળવાનું થયું. દરમિયાન એન્ડુઝને દક્ષિણ આફ્રિકાની મુલાકાતે જવાનું બન્યું. ગાંધીજી સાથે તેમની મુલાકાત થઈ અને ગાંધીજીના આફ્રિકાના આશ્રમમાં રહેવાનું થયું. દક્ષિણ આફ્રિકાની લડાઈમાં ગાંધીજીને તેમનો પૂર્ણ સહયોગ મળ્યો. ગાંધીજી સાથેની તેમની ગાઢ દોસ્તી હતી. ગાંધી તેમને 'ચાર્લી' કહેતા. એન્ડ્રુઝ ગાંધીજીને 'મોહન' કહીને સંબોધન કરતા. ગાંધીજીએ જ તેમને 'દીનબંધુ' કહ્યા અને આ યથાર્થ સંબોધન ચલણી સિકકા જેવું પુરવાર થયું. તેઓ દીનબંધુ એન્ડુઝ તરીકે સુવિખ્યાત થયા.

વિચારો તથા દીન-દુખિયારા પ્રત્યેની અપાર સંવેદનામાંથી પ્રગટેલું ગાંધી-એન્ડ્રુઝનું સાયુજ્ય કદી ભૂલાશે નહીં. કાકાસાહેબ એન્ડ્રુઝને એક અજોડ વ્યક્તિ તરીકે ઓળખાવે છે તથા તેમની વિદ્વત્તા અસાધારણ હતી તેમ કહે છે. એક સાધારણ સેવકની જેમ તેમણે હિંદુસ્તાનની અમૂલ્ય સેવા કરી. કાકાસાહેબને કહે : ''હું તો હિન્દીઓનો સેવક થઈને રહેવા માગું છું.'' તેમનામાં નમ્રતા તથા સંવેદનશીલતાના ગુણ હતા. ગાંધીજીના સંદેશથી તેઓ સંપૂર્ણપણે પ્રભાવિત થયા હતા. ગાંધીજી વિશે લખતાં તેઓ કહે છે : '' જેમને હું દક્ષિણ આફ્રિકામાં પહેલી વાર મળ્યો હતો તે મહાત્મા ગાંધીમાં જાતે કષ્ટ વેઠીને વિજય મેળવવાની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ મને દેખાઈ આવતી હતી. તેમની સાથે રહેવાથી મારામાં જે કંઈ ઉત્તમ હતું તે બધું જાગી ઊઠયું. ગાધીજીએ પોતાના પરમ સાહસમય જીવન દ્વારા મારામાં એક એવું જ સાહસ જાગતું કર્યું. '' ગિરમીટિયાઓના પ્રશ્ન બાબતમાં ગાંધીજી જે લડાઈ દક્ષિણ આફ્રિકામાં લડતા હતા તે દીનબંધુને ન્યાયી લાગી અને તેથી જ તે લડતમાં તેઓ ગાંધીના સાથી બન્યા. ગાંધીજીના કાર્યોને ટેકો આપવાનું કાર્ય તેઓએ આજીવન એક નિષ્ઠાથી કર્યું. દક્ષિણ આફ્રિકા કે ભારતના સામાન્ય લોકોના સત્તાધીશો સામેના પ્રશ્નોમાં તેઓ સક્રિય રહ્યા. ફિઝીમાં પણ હિન્દી મજૂરોની સ્થિતિ સુધારવા તેમણે અનેક પ્રયાસો કર્યા.

ગાંધીજીના આવા ઉજળા સહયોગીઓનો સંક્ષિપ્ત પરિચય મીરાબહેન ભટ્ટે એક નાનું પુસ્તક લખીને આપ્યો છે, જે એક સમાજોપયોગી પ્રયાસ છે. નારાયણ દેસાઈના માધ્યમથી પણ દીનબંધુના ઉજ્જવળ જીવનનાં કેટલાંક પાસાં સ્પષ્ટ થઈને નજર સમક્ષ આવે છે. તેમની ઊંડી ધર્મભાવના ગરીબો તરફના તેમના વર્તાવમાં પ્રગટ થતી હતી. એન્ડ્રુઝના નિધન બાદ ગાંધીજીએ યાદગાર શબ્દોમાં તેમના જીવનને બિરદાવ્યું. ગાંધીજી લખે છે : ''ઈંગ્લૅન્ડ પ્રત્યેનો તેમનો પ્રેમ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અંગ્રેજ કરતાં કોઈ પણ રીતે ઊતરે તેવો ન હતો, પરંતુ એ પણ એટલું જ નિઃસંદેહ છે કે હિંદ પ્રત્યેનો તેમનો પ્રેમ પણ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અંગ્રેજ કરતાં કોઈ પણ રીતે ઊતરે તેવો ન હતો, પરંતુ એ પણ

એટલું જ નિઃસંદેહ છે કે હિંદ પ્રત્યેનો તેમનો પ્રેમ પણ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હિન્દીના પ્રેમની બરાબરી કરે તેવો હતો. અંગ્રેજોના દુષ્કૃત્યો ભૂલાઈ જશે,પણ દીનબંધુના વીર સુકૃત્યો ઈંગ્લૅન્ડ તથા હિંદની હસ્તી હશે ત્યાં સુધી નહીં ભૂલાય.'' ૧૯૪૦ માં તેઓએ ચિરવિદાય લીધી ત્યારે માનવજાતિએ એક ઉત્તમ વિશ્વ નાગરિક ગુમાવ્યો હોય તેવી અનુભૂતિ કરી. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના સેતુરૂપ જીવનને દીપાવીને તેઓ ગયા. આવા લોકોના જીવનની સુગંધ શાશ્વત રહે છે. અનેક સમસ્યાઓની સામે પણ આવા લોકો જીવનમાં કદી ન થાકયા કે ન હારી સ્વીકારી છે.

*થાકે ન થાકે છતાંયે હો માનવી,*
*ન લેજે વિસામો*
*તારે ઉલ્લંઘવાના મારગ ભૂલામણા,*
*તારે ઉદ્ધારવાનાં જીવન દયામણાં,*
*હિંમત ન હારજે તું કયાંયે,*

*હો માનવી, ન લેજે વિસામો !*

છેલ્લાં થોડાં વર્ષોમાં સમગ્ર વિશ્વમાં જે ઘટનાઓ બની છે તેમાં જોડાણના સ્થાને વિચ્છેદનું બાહુલ્ય જોવા મળે છે. માનવી વિશેષ સ્વકેન્દ્રી થતો જાય અને સરવાળે પોતાના કુટુંબ કે પાડોશીથી પણ વિમુખ થઈને જીવતરનો માર્ગ અપનાવે તો સાધનસુવિધા વધ્યા હોવા છતાં સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકતું નથી. સંવેદનશીલતાનો વ્યકિતગત ગુણ સમાજના વિવિધ અંગોને જોડી શકે છે. જે બનાવો રોજ રોજ જોઈએ અને અનુભવીએ છીએ તેમાં આવી વિમુખતા કે અકર્મણ્યતાનું કારણ એ આપણામાં રહેલી સંવેદનશીલતા ઝાંખી પડી હોય તેમ સૂચવતા રહે છે. નાતાલનું પર્વ આવા સમયમાં સ્નેહ તથા સંવેદનશીલતાનો સંદેશ આપીને જાય છે. જેમને આપણાં helping hand ની જરૂર છે તેમના તરફ આપણી સહેજ પણ દૃષ્ટિ રહે તો નાતાલની ઉજવણી સાર્થક બને છે. (સૌજન્ય : 'માનવી મોંઘા મૂલનાં')

## સૌથી મોટો જ્ઞાની કોણ ?

એક શાળામાં શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા. શિક્ષકે ગામમાં જ રહેતા એક વિદ્વાન માણસ વિશે વિદ્યાર્થીઓને વાત કરી. બધા વિદ્યાર્થીઓ પોતાના ગામમાં જ રહેતા આ જ્ઞાની માણસથી અપરિચિત હતા. શિક્ષકે વાત કરી ત્યારે જ આવા પંડિત પોતાના ગામમાં રહે છે એની વિદ્યાર્થીઓને ખબર પડી.

શાળા પૂરી થયા બાદ એક વિદ્યાર્થી, શિક્ષકે જે જ્ઞાની માણસની વાત કરી હતી તેને મળવા માટે એમના ઘરે ગયો. પેલા વિદ્વાન માણસે વિદ્યાર્થીને આવકાર્યો. વિદ્યાર્થીએ વાત કરતાં કહ્યું, ''આજે અમારી શાળામાં અમારા સાહેબે આપના વિશે વાત કરી. આપના જેવા જ્ઞાની આ ગામમાં રહે છે એ ગામનું સૌભાગ્ય ગણાય.'' પેલા જ્ઞાની પુરુષે આ વિદ્યાર્થીને અટકાવીને કહ્યું,'' અરે ભાઈ, તમને સાવ ખોટી વાત કરવામાં આવી છે. હું કોઈ જ્ઞાની નથી. બેટા, સાચું કહું તો હું તો મોટામાં મોટો અજ્ઞાની છું.''

બીજા દિવસે શાળામાં વિદ્યાર્થીએ શિક્ષકને પ્રશ્ન કર્યો, '' સર, આપ અમને ખોટી વાત કેમ કરો છો ? ગઈકાલે તમે જે જ્ઞાની પુરુષની વાત કરી હતી, હું તેમને મળવા માટે ગયો હતો. એમણે તો મને કહ્યું કે એ અજ્ઞાની છે '' શિક્ષકે હસતાં હસતાં કહ્યું, '' બેટા, એ જાણે છે કે એ અજ્ઞાની છે એટલે જ તો એ મોટામાં મોટા જ્ઞાની છે. પોતાના અજ્ઞાનનું જ્ઞાન હોવું એ સૌથી મોટા જ્ઞાનીનું લક્ષણ છે. ''

**- શૈલેષ સગપરિયા**

## પૂ.શ્રી ડોંગરેજી મહારાજની પૂણ્યતિથિ

સદ્‌વિચાર પરિવાર કેમ્પસમાં રમણલાલ મદનલાલ હૉલમાં પૂ. શ્રી ડોંગરેજી મહારાજની ૨૭મી પૂણ્યતિથિ નિમિત્તે ભજનસંધ્યાનો કાર્યક્રમ તા.૯-૧૧-૨૦૧૭ના રોજ ભક્તશ્રી નવનીત મંગલ ઠક્કરના સાન્નિધ્યમાં યોજવામાં આવ્યો હતો, જેમાં સારી સંખ્યામાં ભાવિ ભક્તો હાજર રહ્યાં હતાં.

## સોફિયા : વરદાન કે અભિશાપ ? !

રવીન્દ્ર પાટડિયા

લેડીઝ એન્ડ જેન્ટલમેન, હું રોબોટ સોફિયા આ ક્ષણે ઈકોનોમિક ફોરમના સભ્ય મિત્રોને મળીને આનંદની લાગણી અનુભવું છું. આવનારાં વર્ષો અકલ્પ્ય ટૅક્નોલોજીનાં દર્શન કરવા જઈ રહ્યાં છે. હવે રોબોટ અને ગેજેટના સુપરઈન્ટેલિન્ટનો પાવર જોવા મળશે. ૨૧ મી સદીમાં પાવરફુલ ટૅક્નોલોજી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તરીકે કામ કરતી હશે. માનવજાત રોબોટ સાથે કેવો વ્યવ્હાર કરે છે, તેના પર ભાવિ સર્જન કે વિસર્જનનો આધાર રહેશે. ઠીક છે. સમયને તેનું કામ કરવા દો. અત્યારે તો આ સ્થળે સાઉદી અરેબિયામાં યોજાયેલી આ ઈકોનોમિક ફોરમમાં મને મળેલા સન્માન માટે નવયુવાન ક્રાઉન પ્રિન્સ સલમાન શહેનશાહનો હાર્દિક આભાર માનું છું. ખાસ કરીને મને આ દેશની સિટિઝનશિપ આપવાનો જે ઐતિહાસીક નિર્ણય આપે લીધો છે, તે માટે ફરીથી હું અને મારા ભાવિ સાથીઓ વતીથી આભારની લાગણી વ્યકત કરું છું. થેન્કસ ટુ ઑલ

**- રોબોટ મિસ સોફિયા**

જીવિત વ્યકિત જેવી અભિવ્યક્તિ ધરાવતી આ ફીમેલ હ્યુમનોઈડ રોબોટ સોફિયાએ ઉપરોકત (ભાવાનુવાદ) ભાષણ દુબઈમાં 'જીટેકસ ટૅક્નોલોજી ફેર' માં આપ્યું હતું. ભાષણ આપતી વેળા સામાન્ય યુવતીની માફક ઘણા ખરા હાવભાવ રજૂ કર્યા હતા. સાથે જ પોતાની વાત દઢ નિર્ભીક નિર્ણાયક સૂરમાં રજૂ કરી માનવીય ઔદાર્ય દાખવ્યું હતું.

મહત્ત્વની વાત તો એ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' ની ચર્ચા દુનિયાભરના તજજ્ઞોમાં થઈ રહી છે. ત્યારે ન્યુ યોર્કસ્થિત યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશનના હેડકવાર્ટરમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' અંગે વિચારમંથન કરવા માટે નિષ્ણાતોની એક બેઠક યોજાઈ હતી. તેમાં હ્યુમનોઈડ રોબોટ સોફિયા જયારે પ્રદર્શિત કરવામાં આવી ત્યારે આ 'મોસ્ટ એડવાન્સ રોબોટ' નિહાળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વધુ આશ્ચર્ય તો ત્યારે થયું જયારે આ રોબોટે યુનોના સભ્યોને સંબોધીને એક 'વન્ડર-સ્પીચ' આપી. સોફિયાનો દેખાવ એન્ડ્રોઈડ (મનુષ્ય જેવો) આર્ટિફિશિયલ હેપબર્ન જેવો હતો. ટેકનોલોજીની દષ્ટિએ વાત કરીએ તો સુપર કમ્પ્યૂટરનો યુગ જાણે સમાપ્ત થવા આવ્યો છે. આ રોબોટ મિડિયા પર્સનને વળી કેટલાક ઈન્ટરવ્યૂ પણ આપી ચૂકયો હતો. યુનોના ડેપ્યુટી સેક્રેટરી અમીન જે. મોહમ્મદ સાથે તે વાર્તાલાપ કરી ચૂકયો હતો. સોફિયાએ ફેમસ સાયન્સ ફિકશન રાઈટર વિલિયમ ગિબ્સનું કવોટેશન લઈ મોહમ્મદ સાથે વાર્તાલાપ કરતાં કહ્યું : 'ધ ફયુચર ઈઝ ઓલરેડી હિયર, ઈટ્સ જસ્ટ વેરિવેલ ડિસ્ટ્રિબ્યુટેડ.' અર્થાત્ અહીં ભવિષ્ય આવી ચૂકયું છે, પરંતુ તેનું વિતરણ સારી રીતે થઈ શકયું નથી. 'ફયુચર' શબ્દ અહીં ટેકનોલોજીના પર્યાય તરીકે વપરાયો છે. સોફિયાએ વાર્તાલાપમાં વધુમાં જણાવ્યું હતું કે, 'આપણા સમાજ પર ટૅક્નોલોજીનો પ્રભાવ આપણી જાતે એટલે કે મનુષ્ય દ્વારા નકકી કરવામાં આવશે, નહિ કે મશીન દ્વારા. ટૅક્નોલોજીનો આવિષ્કાર મનુષ્યજાતના લાભ માટે કરવો જોઈએ.' સોફિયા 'ધ ફયુચર ઑફ એવરીથીંગ ' વિષય પર ભાષણ આપી રહી હતી. યાદ કરીએ તો આ પહેલાં 'ગુડ મોર્નિંગ બ્રિટન' પ્રોગ્રામમાં પિયરમાર્ગેન અને સુસાના રીડ સાથે તે આવી ચૂકી છે. સોફિયાની ટૅક્નોલોજિકલ ઉંમર માત્ર એક વર્ષ છે, મતલબ એક વર્ષથી જાહેર મિડિયામાં પ્રવેશી છે.

સોફિયાનું સર્જન હાન્સેન રોબોટિકસ દ્વારા કરવામાં

આવ્યું છે, જેમણે આલ્બર્ટ આઈન્સ્ટાઈનથી પ્રભાવિત 'આલ્બર્ટ હ્યુબો' નામનો રોબોટ બનાવ્યો હતો.હાન્સેને ૨૦૦૨ માં માણસ જેવો હ્યુમનોઈડ રજૂ કર્યો હતો. તેમણે સર્જેલી સોફિયા માનવી જેવા ૬૦ પ્રકારના હાવભાવ વ્યકત કરી શકે છે. સોફિયાના સર્જક પિતા હાન્સને (હેન્સને ) સોફિયાને પૂછયું : 'શું તું માનવતાનો વિનાશ નોતરવાની ઈચ્છા રાખે છે ?' ત્યારે જવાબમાં તેણે 'યસ'(હા)ભણી હતી ત્યારે સારાય વિશ્વમાં ધબધબાટી બોલી ગઈ હતી. આ ચિંતા જ વિશ્વના બૌદ્ધિક અને વૈજ્ઞાનિકો એકથી ઝાઝી વાર વ્યકત કરી ચૂકયા છે. અલબત્ત, આ બધી વાતો ઘણા ગૂંચવાડાવાળી અને ટૅક્નિશિયનોને સમજાય તેવી છે, માટે તેને છોડી ભવિષ્યમાં આવા રોબોટથી થતા નુકસાન અને લાભ અંગે જાણીએ.

આ ક્ષેત્રના નામી બૌદ્ધિકો, વૈજ્ઞાનિકો અને રોબોટસર્જક લોકોના અભિપ્રાય પ્રમાણે આ રોબોટોથી થનારાં ભાવિ નુકસાન જોઈએ.

(૧) સન ૨૦૨૦ સુધીમાં રોબોટ માણસ પાસેથી ૫૫ લાખ નોકરીઓ ખૂંચવી લેશે.
(૨) દુબઈએ મે, ૨૦૧૭ થી પોલીસ અધિકારી તરીકે એક રોબોટને નોકરીમાં રાખી લીધો છે.
(૩) ચીન આર્ટિફિશિયલ ઈન્ટલિજન્સનો એકકો બનવા એડી-ચોટીનું જોર લગાવી રહ્યું છે.
(૪) અલીબાબા સમૂહના સંસ્થાપક જેકમાએ લાલબત્તી ધરી છે કે આગામી ત્રણ દાયકામાં યંત્રોની બુદ્ધિમત્તા માણસની બુદ્ધિમત્તાને પરાસ્ત કરી દેશે, જેથી નોકરીઓનો દુકાળ પડશે.
(૫) લોકોને રોજના ચાર કલાક અથવા વીકમાં માત્ર ચાર કલાક કામ કરવાનું રહેશે. બાકીના સમયમાં માણસો નવરા રહેશે.
(૬) જેકમાનનું તો ત્યાં લગી માનવું છે કે રોબોટ ત્રીજા વિશ્વયુદ્ધને આમંત્રણ કાર્ડ મોકલશે, જયારે તકનિકી ક્રાંતિ થાય છે, ત્યારે વિશ્વયુદ્ધો થાય છે. આર્ટિફિશિયલ ઈન્ટલિજન્સ ત્રીજી તકનિકી ક્રાંતિ છે !
(૭) જગપ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગ્સે આગાહી કરી છે કે ભવિષ્યમાં ફકત ભાવનાત્મક, સર્જનાત્મક અને સુપરવિઝનની નોકરીઓ જ માણસના હાથમાં રહેશે. બાકી તમામ રોબોટના હાથમાં હશે.
(૮) આવનારાં ૧૦૦ વર્ષમાં પૃથ્વી માણસો માટે રહેવાલાયક નહિ રહે.
(૯) ટેસ્લા અને સ્પેસ એકસ કંપનીના ચેરમેન એલન મસ્ક આ પ્રથાનો વિરોધ કરતાં માણસને 'સાઈનબોર્ન' બનવું પડશે એમ કહ્યું છે. સાઈનબોર્ન એટલે યાંત્રિક બુદ્ધિમત્તાના ઉમેરણ પછીનો માણસ !
(૧૦) આગામી સમયમાં આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રભાવ વધી જશે, ત્યારે માનવીય ક્ષમતામાં યાંત્રિક શકિતનો સરવાળો તેને પ્રાસંગિક બનાવી શકશે.
(૧૧) ગૂગલ અને ટેસ્લાનું માનવું છે કે આગામી ૨૦ વર્ષમાં ૧૫ થી ૨૦ ટકા ગાડીઓ ડ્રાઈવરલેસ હશે.
(૧૨) ભાવિ યુદ્ધો પણ માણસને બદલે રોબોટ્સ લડતા હશે, જમીન, હવા અને પાણીમાં પણ !
(૧૩) રોબોટમાં પણ સ્ત્રી અને પુરુષ બનવા માંડયાં છે, જે એફવાયઆઈ જાતીય ઉપભોગનાં સાધન બનશે.

વધુ નવરાશ મળતા માણસ ખરાબ માર્ગ તરફ વળતો થશે વગેરે...વગેરે...

આટલી બધી નકારાત્મક અને નુકસાનકારક વાતો વચ્ચે માર્ક ઝુકરબર્ગ નિરાશાવાદી વાતોને નકારી કાઢે છે. તેઓના હકારાત્મક અને આશાભાર્ય વલણ સાથે

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

અમેરિકાની તો એ કો-કનાડે યુનિવર્સિટીના પ્રોફેસર તોએકો કનાડે પણ હકારાત્મક સૂર પુરાવે છે. હવે જોઈએ થોડી લાભની વાતો.

(૧) મશીન માણસનો દોસ્ત છે. મશીનો વધુ સહનશકિતથી પેટર્નને પકડી શકે છે અને માણસ કરતાં વધુ સમજણ રાખે છે.

(૨) ડોમિનિક રિપબ્લિક એન્જિનિયર રીનર મલ્લોલે બીજા શોધક ઘેસી રોજા સાથે મળી ડેન્ગ્યુ અને ઝીકા ફેલાતી જગ્યાઓ શોધી શકે તેવું મશીન બનાવ્યું છે. માઈક્રોસોફટ કંપની પ્રોજેકટ પ્રિમોનિશન ચલાવે છે, જે અંતગર્ત ડ્રોન મચ્છરોના અડ્ડા-ઈલાકા શોધી કાઢે છે.

(૩) અમેરિકાના અંધાધૂધ ગોળીબાર રોકવા એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ 'ધ શોટ સ્ટોપર સિસ્ટમ' વિકસાવી છે, જે ફાયરિંગની ૪૫ મિનિટમાં પોલીસને સચેત કરે છે.

(૪) દુનિયાના ૮૦ કરોડ લોકો કસાવાના મૂળને વાટી આટો બનાવી રોટી-કેક રૂપે ખાય છે. આ કસાવાની ફસલ તૈયાર થયા પછી તેમાં ઝડપથી રોગ લાગુ પડે છે. ફસલને બચાવવા યુગાન્ડામાં 'એમક્રોપ્સ' નામની સિસ્ટમ ૮૮ ટકા ચોકસાઈથી કામ કરે છે.

(૫) આપણે વાપરતા ઈલેકિટ્રક સાધનો ઘણી વાર બંધ કરવાનું ભૂલી જઈએ છીએ, ત્યારે તેના પર નજર રાખવા યુએસએમાં ' ડિજિટલ એનર્જી મોનિટર' નું ચલણ વધી રહ્યું છે.

(૬) રોબોટ ભલેને ગમે તેવો હોય, પણ તેને બનાવનાર માણસ તેને આત્મહત્યા કરવા થોડો બનાવશે ? ગમે તેવો રોબોટ હોય, તેની ચોટલી તો માનવીના હાથમાં જ રહેશે. રોબોટ કંઈ માનવીય વૃદ્ધિની રીતે થોડા જ જન્મવાના છે ? જો ભી કામ હોગા વો અચ્છા હી હોગા ! હજારો વર્ષથી માનવી પૃથ્વી પર સર્વોપરી બની રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે. રોબોટ તેને વધુ શકિતશાળી બનાવશે.

સાધન યા મશીન કયારેય સારાં યા ખરાબ હોતાં નથી. વાપરનાર તેનો કેવી રીતે ઉપયોગ કરે છે તેના પર તેના ફળનો આધાર છે. નકારાત્મક માણસ કે સત્તા પાસે મશીનો આવશે તો તેઓ તેનાથી નાશની દિશા પકડશે, પરંતુ સકારાત્મક લોકોના હાથમાં મશીનો આવશે તો માનવીના કલ્યાણ માર્ગે જ તેનો ઉપયોગ કરશે. કૃત્રિમ બુદ્ધિમત્તા કે રોબોટ આખરે તો માણસના બનાવેલા ગુલામો જ છે. વિશ્વકલ્યાણ માટે હાનિકારક તત્ત્વો પાસેથી શુભતત્ત્વો તેઓની શકિત છીનવી જ શકે છે, પરંતુ રોબોટના અતિશય ઉપયોગ થતા છેલ્લે એક મજા કી વાત કરી લઉં.

થોડાં વર્ષો પછી માણસ બુદ્ધુ, ગધેડા,બળદ, મૂર્ખ, ઘુવડ જેવા શબ્દો વાપરવાના બદલે કહેશે. તારામાં રોબોટ જેવું કંઈ છે કે નહિ ? અરે ! તું હવે રોબોટ કયારે બનીશ ? જા જા, રોબોટ પાસેથી કંઈ શીખી ડાહ્યો થા. રોબોટ જ રહીશ કે પછી માણસ બનીશ. તું તો સાવ રોબોટ જ રહ્યો, કયારે સમજશે ? બસ આમ રોબોટની જેમ જ વર્તીશ ? હે ભગવાન ! મારો લાલો રોબોટ બને તો સારું. તમારા રોબોટે કેમ મારા બાબલાને નુકસાન કર્યું ? કયાં છે તમારો રોબોટ, લાવો, મારી પાસે, સીધોદોર કરી દઉં. વગેરે... વગેરે... છેલ્લે ! આ રોબોટ વિશ્વકલ્યાણનાં સાધન બને તેવી શુભેચ્છા સાથે સર્વે જના : સુખીનો ભવન્તુ ! ... અસ્તુ !

(સૌજન્ય : 'ગુજરાત ટાઈમ્સ')

- *પાસા પડ્યા વિના હિરાની ચમક આવતી નથી તેવી રીતે મુશ્કેલીઓ વિના માનવમાં પૂર્ણતા આવતી નથી.* **લાઓત્સે**
- *મન, હૃદય અને હાથ આ ત્રણને તાલીમ આપવી તેનું નામ કેળવણી* - **ગાંધીજી**

## એસ.એસ.સી.ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને

ડૉ. કે. યુ. લવિંગીયા

S.S.C નું પરિણામ આવે ત્યારે ઘણાં વિદ્યાર્થીઓ એવી ફરિયાદ કરતા હોય છે કે, ધાર્યા પ્રમાણે માર્ક્સ મળ્યા નહીં. " મેં ૭૫ ટકા ઉપર માર્ક ધાર્યા હતાં. બધું જ સાચું લખાણ લખ્યું હતું, છતાં મારે ઓછા ટકા માર્ક આવ્યા. આમ કેમ ? વિદ્યાર્થીઓની ફરિયાદ હોય છે. સખત પરિશ્રમ, ખૂબ જ ઉજાગરા કરીને અમે વાંચીએ તો પણ સારા માર્ક મળતા નથી. ધારણા પ્રમાણે પરિણામ આવતું નથી. આમ કેમ ? "

મારા શિક્ષક અને પ્રિન્સિપાલ તરીકેનો ૧૪ વર્ષનો અને બી.એડ્.કૉલેજના પ્રાધ્યાપક અને પ્રિન્સિપાલ તરીકેના ૨૫ વર્ષના અનુભવમાં આવી કેટલીક ફરિયાદ આવી છે. આના પ્રત્યુત્તરમાં અનેક કારણો છે જેમકે..

(૧) છેલ્લી ઘડી સુધી વાંચવાની ટેવ પ્રશ્નના ઉત્તરમાં આવડે છે તે બધું લખી નાખવાની ટેવ.
(૨) પ્રશ્નો સમજયા વગર ઉત્તર ઝટપટ લખવાની ટેવ.
(૩) ઉત્તરવહીમાં વાંચી ન શકાય તેવા ગરબડવાળા અક્ષરો.
(૪) ગુજરાતી માધ્યમના શિક્ષકો અંગ્રેજી માધ્યમની ઉત્તરવહીઓનું પરીક્ષણ કરે તો.
(૫) વિદ્યાર્થીઓ જો એવું સમજતાં હોય કે વધુ લખવાથી વધુ માર્ક મળે છે તે ભૂલભરેલી માન્યતાને કારણે.
(૬) કમ્પ્યૂટરના કારણે થતી ભૂલોને કારણે.

આવાં અનેક કારણોને લીધે જાણે અજાણે વિદ્યાર્થીઓને નુકસાન થાય છે. ઓછા ટકા મળવાથી અસંતોષ પ્રાપ્ત થાય છે. તો હવે શું કરવું જોઈએ ?

મને **S.S.C** બોર્ડમાં પરીક્ષક, પ્રાશ્નિક અને મોડરેટર-ચીફ મોડરેટરનો ૧૭ વર્ષનો અનુભવ છે. ઉપરોકત જણાવેલ બાબત અંગે વિદ્યાર્થીને નુકસાન થાય છે. આ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ ?

**<u>ઉપાયો :</u>**

(૧) જુદાજુદા માધ્યમનાં પરીક્ષકો તપાસવામાં ભૂલ કરે છે. શબ્દોની ટૅક્નોલોજી પોતાને ખબર ન હોવાથી મીડીયમ પાર્કિંગનો આશરો લઈ, જો ૪ માર્કનો એવો ૪ પેટાપ્રશ્ન હોય તો મીડીયમ માર્કિંગને કારણે ૨ કે દોઢ માર્ક મૂકે છે.
(૨) ઉપરના કારણે ૭૦ થી ૮૦ ટકા માર્ક મેળવનાર વિદ્યાર્થીને નુકસાન થાય છે.
(૩) ચકાસણી કરવાનું ફોર્મ ભર્યું હાય તો વધારે લખાણ પર ઊભો લીટો જોઈ ને તે માન્ય રાખે. આવા લીંટાવાળા ઉત્તરોને ફરીથી વાંચવામાં આવતા નથી. સપ્લીમેંટરી ભરવાનું વલણ છોડી દો અને મુદ્દાસર લખવાથી સમય પણ તમને પૂરતો મળી રહે છે.
(૪) એક દિવસમાં પરીક્ષકને લગભગ ૪૦ ઉત્તરવહીઓ તપાસવાની હોવાથી તમારા વધારાના લખાણ પર ઊભો લીટો મારી દે છે અને મીડીયમ માર્ક મૂકી છે. ધારો કે પેટા પ્રશ્નના ૪ માર્ક હોય તો ૨ માર્ક કે અડધો માર્ક મૂકે છે.
(૫) જો પ્રશ્ન-૧ માં A , B, C, D એમ ચાર પેટા પ્રશ્નો હોય અને તમે તેમાંથી ૩ પેટા પ્રશ્નો હોય અને તમે તેમાંથી ૩ પેટા પ્રશ્નોના ઉત્તર લખો, અને બાકીના પેટાપ્રશ્નનાં એકનો ઉત્તર જુદી સપ્લીમેંટરીમાં તમે લખો. તો તમારે નોંધ મૂકવાની જરૂર છે. જેમ કે પ્રશ્ન -૧ નો પેટા પ્રશ્ન સપ્લીમેંટરીનાં પાનાં નં. ૪ પર ઉત્તર છે. તો પરીક્ષકને ઉત્તર જોવાનું રહે અને તેના માર્ક મળી

જાય.જો આ નોંધ મૂકવામાં ન આવી હોય તો ૩ પેટા પ્રશ્નના ઉત્તરનાં ટોટલ માર્ક મૂકીને આગળ વધશે. આથી પરીક્ષક તમારા પેટા પ્રશ્ન વાંચતી વખતે તેને ટોટલમાં સુધારો કરવો પડે નહીં તેથી ઊભો લીટો મારી દે છે. તમારો જવાબ સાચો હોય તો પણ આવું બને અને તમને નુકસાન થાય.

(૬) પરીક્ષા અગાઉના ત્રણ- ચાર દિવસે ઊજાગરા કરો નહીં. ઘણાં તો પરીક્ષાના હોલ સુધી વાંચતા હોય છે. આથી તમારા મનમાં ઘણી બાબતો આડી-અવળી રહેવાથી ન માગ્યું હોય તે પણ લખી નખાય છે.

વિદ્યાર્થીઓને અગત્યની વાત એ છે કે, તમે લખાણ વાંચતા હશો ત્યારે માર્ચમાં પરીક્ષા પહેલાં લગભગ ૨ માસનો સમય રહે છે. માટે છેલ્લાં પાંચ વર્ષના પ્રશ્નપત્રોનો સેટ મેળવીને તમારા વિષય પ્રમાણે મુદ્દાસર જવાબ લખીને નોટ તૈયાર કરો. છેલ્લા ૧૫ દિવસ આ જ નોટ વાંચવાની અને તમને ખૂબ જ લાભ થશે.

મને શ્રદ્ધા છે કે જો આ પ્રમાણે તૈયારી કરશો તો તમને અચૂક તમારા ધાર્યા પ્રમાણે માર્કસ મળી શકશે.

આગામી S.S.C.ની પરીક્ષા આપનાર સર્વ વિદ્યાર્થીઓને મારી શુભેચ્છા.

❋ ❋ ❋

૧૦, સ્નેહા બંગલોઝ, બાલેશ્વર ગોલ્ડ દેરાસર સામે,
બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮.

## FAULT FINDING AND COMPLAINING CAN BE DISASTROUS

**K. R. Singh,** Trustee, Sadvichar Parivar

Human beings are unique. Each one of us is sensitive and constantly variable. Our mood and temperament change from day to day. May be even from hour to hour, yet we have evolved into a society, community, institution and corporation. This has been possible with time, a growing sense of awareness, and a great deal of understanding, tolerance, sympathy and mutual respect. Every relationship is unique and special and needs to nurture with understanding and patience. It is said, if there is nine vices and only one virtue, forget the nine vices and focus only on one virtue. see only the good in others.

Everybody has something good in him. None of us is perfect only God alone is perfect. Marriage, friendship, business patnership involves two imperfect human being trying to live together, work together or establish a link, unless we learn to accept people as they are, we will lose all possibility of finding happiness in our relationships. Approach people with love and understanding and you will find the same reflected in their approach to you. This only could show the path of Success and Satisfaction.

**'' આપણે દરેક રીતે ખુલ્લા દિમાગના રહેવું જોઈએ પણ એટલા બધા ખુલ્લા પણ નહીં કે દિમાગ બહાર નીકળી પડે...''**

**- રિચાર્ડ ડોકિન્સ**

## નવી પેઢી સાથે કદમ મિલાવવા જરૂરી છે.

ફાધર વર્ગીસ પોલ

આ નિબંધ હું મારા માટે લખું છું. કારણ,આ દિવસોમાં મને લાગ્યા કરે છે કે સંદેશાવ્યવહારનાં અદ્યતન માધ્યમો અને દૈનિક જીવનને સ્પર્શતી ટૅક્નોલોજી વિશે મારે થોડું વધારે જાણવાની જરૂર છે. હું એમાં નિષ્ણાત ન બનું તો પણ સમય સાથે કદમ મિલાવવા માટે અને નવી પેઢીના સંપર્કમાં રહેવા માટે મારે એની જરૂર છે. એ માટે મારે ઈલેકટ્રૉનિક માધ્યમો અને ઈન્ફર્મેશન ટૅક્નૉલોજીને કામે લગાડવાં જોઈએ. એટલે એના માટે મને વ્યવહારિક જ્ઞાન અને અનુભવની ખાસ જરૂર છે.

થોડા દિવસ પહેલાં હું એક વહેલી સવારે અમદાવાદ ખાતે મણિનગર સ્ટેશનમાં ટ્રેનમાંથી ઊતરીને સેન્ટ ઝેવિયર્સ કૉલેજ પહોંચવા માટે બસ નં.૫૨/૨ પકડવા ઊભો હતો. જોતજોતામાં વીસેક કૉલેજિયનો ૫૨/૨ બસ પકડવા માટે ત્યાં ભેગા થયા. બસને આવવા માટે પંદરેક મિનિટ લાગી.

સામાન્ય રીતે યુવક-યુવતીઓનું ટોળું ભેગું મળે ત્યાં ઘોંઘાટ હોય, શોરબકોર હોય. એ શોરબકોર વચ્ચે તમે બસનો સમય પૂછશો તો સામેવાળાની વાત તમે સાંભળી ન શકો. પણ તે દિવસે મેં જોયું કે કોલેજમાં કે નોકરીએ જતાં તે યુવક-યુવતીઓ વચ્ચે કોઈ શોરબકોર નહોતો, કોઈ કોલાહલ નહોતો.

બે એક જણ એમના અભ્યાસનાં પુસ્તકો ખોલીને વાંચતા હતા. પરંતુ મોટાભાગનાં યુવક-યુવતીઓ પોતપોતાના આઈ ફોન, આઈપૅડ, સ્માર્ટ ફોન કે સાદા મોબાઈલ પર કામ કરતાં હતાં. યુવાનો આંગળીઓના સ્પર્શથી કે મોંના હાવભાવથી સામેવાળા અદૃશ્ય માનવ સાથે વાત કરતાં હતાં. યુવાનોની ભાષામાં તેઓ 'ચેટિંગ' કરતાં હતાં. SMS મોકલતાં હતાં કે વાંચતાં હતાં. વૉટ્સ ઍપ સંદેશા જોતાં હતાં. મ્યુઝિક સાંભળતાં હતાં. ટાંકણી પડે તો પણ સાંભળી શકું એવી નિઃશબ્દતા હતી !

બસમાં પણ મેં જોયું કે બધાં યુવક-યુવતીઓ મોબાઈલ સ્માર્ટ ફોન, આઈપૅડ અને લૅપટોપ જેવાં માધ્યમો સાથે ખૂબ 'બિઝી' હતાં. એ દિવસનું છાપું વાંચનાર હું એકલો હતો ! મને મારા ખિસ્સામાંથી સ્માર્ટ ફોન કાઢીને 'સોલિટેર' રમવાનું મન થયું. પછી મને લાગ્યું કે મારે હજી નવા ખરીદેલા સ્માર્ટ ફોનના ઘણા બધા ઉપયોગો શીખવાના બાકી છે. આખરે છાપું બંધ કરીને બીજા બધાનું નિરીક્ષણ કરવામાં હું પરોવાયો.

મેં જોયું કે સ્માર્ટ ફોન અને અન્ય માધ્યમોનો હું કલ્પી ન શકું એટલા બધા ઉપયોગો થાય છે. મારી ધારણાથી પણ એમની વધારે શકયતા છે. એકાદ દાયકા પહેલાં સિનેમા જેવાં માધ્યમોમાં ઝંપલાવવા માટે નિષ્ણાતોની અને અઢળક નાણાંની જરૂર હતી. હવે તો થોડીઘણી સૂઝબુદ્ધિ અને કૌશલ્યથી ઈન્ફર્મેશન ટેક્નૉલોજી અને અદ્યતન માધ્યમો દ્વારા ઓડિયો-વિડિયો ફિલ્મ બનાવી શકાય છે. અત્યાર સુધી નિષ્ણાતો અને આર્થિક સધ્ધરતા કે શકિતની જ પહોંચમાં રહેલાં કામો આજે સામાન્ય માણસ નજીવું રોકાણ કરીને કરી શકે છે. મોબાઈલ,આઈપૅડ અને સ્માર્ટ ફોન જેવાં માધ્યમોનો એ અનોખો ચમત્કાર છે.

દાયકાઓ પહેલાં માર્શલ મક્લૂહને કહ્યું હતું કે, માધ્યમો અને ટૅક્નોલોજી માનવશરીરના વધારેલા ભાગો છે. દાખલા તરીકે મોટરકારને પગનો વધારેલો ભાગ ગણી શકાય. મોટરકારથી પગની ઝડપને

અનેકગણી વધારી શકાય છે. એ જ રીતે વૉટ્સઍપ, સ્માર્ટફોન, ફેસબુક અને ઈન્ટરનેટ માનવની વિવિધ ઈંદ્રિયોને વધારનાર માધ્યમો છે.

આ માધ્યમો માનવસંપર્ક અને માનવવ્યવહારને આપણે કદી કલ્પ્યું ન હોય એટલી બધી સવલતો કરી આપે છે. મોબાઈલ, સ્માર્ટફોન અને આઈપૅડ જેવાં માધ્યમો કેવલ વિવિધ વિડિયો ગેઈમ્સનું જ માધ્યમ નથી. પણ એના દ્વારા આખી દુનિયા જોડે સંપર્ક સાધી શકાય, ધંધો-વેપાર કરી શકાય. ફેસબુક, ટિવટર, વૉટ્સઍપ જેવાં માધયમો દ્વારા તમારા વિચારો અને તમારી પસંદગીનાં દશ્યો તમે દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચાડી શકો છો.

ઈન્ટરનેટ કમ્યુનિકેશન અને ઈન્ફર્મેશન ટૅક્નૉલોજીની અનોખી સિદ્ધિઓ અને વિશાળ પહોંચ વિશે બે મત નથી. મોબાઈલ,ટેબ્લેટ,સ્માર્ટફોન અને લૅપટૉપે માનવવ્યવહારમાં ચમત્કારો સર્જી દીધા છે. પરિણામે માણસના સમગ્ર જીવનમાં જડમૂળથી પરિવર્તન આવી ગયું છે. ઈન્ટરનેટ,ફેસબુક, ટ્વિટર અને વૉટસઍપની લોકપ્રિયતા કૂદકે ને ભૂસકે વધી રહી છે.છતાં ભારતની સમગ્ર વસ્તીને ધ્યાનમાં લઈએ તો ઈન્ટરનેટ કમ્યુનિકેશન અને ઈન્ફર્મેશન ટૅક્નોલોજીનાં સાધનો રોજબરોજના કામકાજમાં લેનારની સંખ્યા સમગ્ર વસ્તીના દસ-પંદર ટકાથી વધારે ન હોય પણ જેમની પાસે આ સ્માર્ટ ફોન, આઈપૉડ અને લૅપટૉપ જેવાં અદ્યતન માધ્યમો છે, તેઓ આ માધ્યમોના ઉપયોગમાં એટલા બધા પરોવાયેલા રહે છે, જાણે તેઓ તેના ગુલામ ન હોય ! એક બાજુ, મોટા ભાગે બાળકો અને કિશોર- કિશોરીઓ કમ્પ્યૂટર રમત (વિડીયો ગેમ્સ ) માં મંડયા રહીને ખૂબ કીમતી સમય વેડફી નાંખે છે.

બીજી બાજુ, યુવાનો પોતાના કરવા, સહાધ્યાયીઓનાં સલાહસૂચન મેળવવા અને મિત્રો સાથે સંપર્કમાં રહેવામાં પોતાનો આખો સમય આ સંચાર - વિનિમયનાં માધ્યમો સાથે વ્યતીત કરે છે. અમુક લોકો ખાસ તો કામધંધામાં રોકાયેલા લોકો પોતાના ગ્રાહકો તેમજ બીજા વેપારીઓના સંપર્કમાં રહેવા દિવસના ચોવીસે ચોવીસ કલાક આમાં પરોવાયેલા હોય છે.

આવા બધા લોકોને પોતાની શારીરિક કસરત કે રમતગમત માટે સમય નથી. પોતાના કુટુંબનાં સ્વજનો તથા મિત્રો સાથે સંવાદ કરવા માટે તેમની પાસે બિલકુલ સમય નથી ! અને એમાં સમય ફાળવતા હોય તો એમાં ફોનકૉલ એસ.એમ.એસ.અને ફેસબુક કે વૉટસઍપ સંદેશા દ્વારા સતત ખલેલ પહોંચાડવામાં આવે છે. તાજેતરમાં હું એક મિત્રની ઑફિસમાં બે વાર ગયો હતો. બંને વખત મિત્રના ઘણાબધા ફોન આવ્યા કે મિત્રને ખૂબ અગત્યનાં કામો કરવા માટે ફોન કરવા પડયા કે એમના સહકાર્યકરોનું કામ પડયું. હું શાંતિથી એ મિત્ર સાથે સંવાદ કરી શકયો નથી. એ દિવસે મેં નકકી કર્યું કે હવે પછી હું કદી એ મિત્રના કાર્યાલયમાં કોઈ ચોકકસ કામ માટે મળવા જઈને મારો સમય વેડફી ન નાખું.

વર્ષો પહેલાં મોબાઈલ ફોન સૌ પ્રથમ ભારતના બજારમાં આવ્યો ત્યારે મારા મામાએ એક મોબાઈલ મને ભેટમાં આપ્યો. વીજળીનો તાર કે સામાન્ય ફોનની જેમ વીજળીના જોડાણ વિનાની એ ચમત્કારિક વસ્તુ ખૂબ કુતૂહલથી જોયા પછી મેં મારા મામાને કહ્યું : '' મામા, આ તો કોઈ 'વી.આઈ.પી.' ને શોભે એવી વસ્તુ છે. મારા જેવા અનાસકત અને અપરિગ્રહવાળા માણસને આ ન શોભે. મેં સાભાર મોબાઈલ ફોન મામાને પરત આપ્યો તો બીજી ક્ષણે પાસે ઊભેલા મારા કૉલેજિયન ભાણિયાએ 'મામા, મને આપો' એમ કહીને મામાના હાથમાંથી મોબાઈલ લઈ લીધો અને એની માર્ગદર્શિકા લઈને વાંચવા માંડી. મેં મારા મામાને કહ્યું હતું કે, મને મોબાઈલ ફોનની જરૂર નથી. કારણ, મારા રહેઠાણમાં તેમજ મારા કાર્યાલયમાં હાથ- વેંત સામાન્ય ફોન છે.''
વર્ષો પછી મારી મોટી બહેન અને મારી બે નાની બહેનો

મોબાઈલ ફોન ખરીદીને વાપરવા માંડયા ત્યાર પછી મેં મારા માટે મોબાઈલ ફોન વસાવ્યો હતો. સામાન્ય મોબાઈલ ફોનના ઉપયોગો હું શીખ્યો ન શીખ્યો ત્યાં સુધીમાં વૉટ્સઍપ સંદેશા મોકલવા-સ્વીકારવા અને એન્ડ્રૉઈડની સગવડો કામે લગાડવા માટે ઘણા મિત્રો મને પૂછવા માંડયા : " ફાધર વર્ગીસ, તમારી પાસે સ્માર્ટ ફોન છે ? હું તમને વોટ્સ ઍપ ઉપર સંદેશો મોકલી શકું ?" મારા મિત્રોને સ્માર્ટ ફોન વિશે પૂછતો હતો ત્યારે તેઓ મને કહેતા, "વર્ગીસ, તમે સ્માર્ટ ફોન લાવો અને જોતજોતામાં તમે એને શીખી શકશો."

હવે 'જોતજોતા'માં ન હોય તો પણ ધીમે ધીમે મારા સ્માર્ટ ફોનને વિવિધ રીતે કામે લગાડવાનું કામ હું શીખતો રહ્યો છું. સ્માર્ટ ફોન ખરીદ્યાના એકાદ મહિનામાં એને ઘણીબધી રીતે કામે લગાડવાનું કામ હું શીખી ગયો છું. છતાં હું જાણું છું કે ઈલેકટ્રૉનિક માધ્યમો અને ઈન્ફર્મેશન ટૅકનૉલોજીના આપણા યુગમાં સ્માર્ટ ફોન અને બીજાં અદ્યતન માધ્યમો વિશે હજી મારે ઘણુંબધું શીખવાનું બાકી છે.

(સૌજન્ય : 'સમણું')

## ડોંગરેજી મહારાજની સાદાઈ

ડોંગરેજી મહારાજના જીવનનો એક કિસ્સો જાણવા જેવો છે.

એક કેન્સર હોસ્પિટલ માટે ફંડ ઊભું કરવા ડોંગરેજી મહારાજની કથા મુંબઈમાં યોજાઈ હતી. દાયકાઓ અગાઉ યોજાયેલી એ કથામાં આશરે દોઢ કરોડ રૂપિયા જેટલી રકમ કૅન્સર હોસ્પિટલ માટે એકઠી થઈ ગઈ હતી.

એ કથાના છેલ્લા દિવસે ડોંગરેજી મહારાજ કથા સંભળાવી રહ્યા હતા ત્યારે તેમના કોઈ સ્નેહી ગંભીર ચહેરે તેમની પાસે ગયા. તેમણે ડોંગરેજી મહારાજને કાનમાં કહ્યું કે તમારા પત્ની મૃત્યુ પામ્યાં છે.

એ આઘાતજનક સમાચાર સાંભળ્યા પછી બીજી જ ક્ષણે ડોંગરેજીએ સ્વસ્થતા મેળવી લીધી અને દુઃખદ સમાચાર લઈને આવેલા સ્નેહીને જવાબ આપીને ફરી કથા શરૂ કરી દીધી ! તેમણે એ દિવસે કથા પૂરી કરી. કથાના આયોજકોને ખબર પડી કે ડોંગરેજીનાં પત્ની મૃત્યુ પામ્યાં છે ત્યારે તેઓ ચિંતામાં મુકાઈ ગયા, પણ ડોંગરેજીએ કથા યથાવત્ ચાલુ રાખી એને કારણે તેઓ ગદ્ગદ્ થઈ ગયા.

એ પછી ડોંગરેજી મહારાજે પત્નીના દેહાંત પછીની વિધિઓ હાથ ધરી. તેઓ થોડા દિવસ પછી પત્નીના અસ્થિ વિસર્જન માટે નાસિક ગયા. એ વખતે અસ્થિ વિસર્જનની વિધિ કરનારા બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે તેમની પાસે પૈસા નહોતા, જે સ્નેહીએ તેમને તેમના પત્નીના મૃત્યુના સમાચાર આપ્યા હતા એ તેમની સાથે હતા.

ડોંગરેજી મહારાજે તેમને પોતાના પત્નીનું મંગળસૂત્ર આપીને કહ્યું કે આ વેચીને પૈસા લઈ આવો. બાહ્મણોને દક્ષિણા આપવા માટે મારી પાસે કંઈ નથી. પેલા સ્નેહી સ્તબ્ધ થઈ ગયા. તેમની આંખો છલકાઈ ગઈ. જે માણસે થોડા દિવસો અગાઉ કેન્સર હોસ્પિટલ માટે પોતાની કથા થકી દોઢ કરોડનું ફંડ એકઠું કરી આપ્યું હતું. તેની પાસે મામૂલી રકમ પણ નહોતી.

સાદગીના પર્યાયસમા ડોંગરેજી મહારાજના જીવનના આવા તો અનેક કિસ્સાઓ છે. એ વાતો ફરી કયારેક કરીશું. ઘણા ફાઈવસ્ટાર બાબાઓ, બાપુઓ, સ્વામીઓ અને મહારાજો કરોડો અબજો રૂપિયામાં આળોટતા હોય છે તેમની બોચી ઝાલીને નિત્ય પ્રાતઃકાળે આવા કિસ્સાઓનું પઠન કરવાની તેમને ફરજ પાડવી જોઈએ.

- *નિષ્ફળતા તમારા માટે વરદાન છે કે અભિશાપ એ તો દરેકનો પોતપોતાનો દૃષ્ટિકોણ છે. બુદ્ધિશાળી લોકો આને વરદાન સમજીને આગળ વધે છે.*
- *દયારહિત ધર્મ, વિદ્યાવિહીન ગુરુ, ઝઘડાળુ સ્રી, સ્નેહવિહોણા સંબંધો એ સર્વે ત્યજવા યોગ્ય છે.*

## સદ્‌વિચાર પરિવારની વિવિધ સંસ્કારલક્ષી અને સેવાલક્ષી પ્રવૃત્તિઓમાં સહયોગી થવા અપીલ

આપ અથવા આપના સ્વજન સદ્‌વિચાર પરિવારની સેવાપ્રવૃત્તિઓમાં કઈ રીતે સહયોગી થઈ શકો ?

૧. સદ્‌વિચાર પરિવારના આજીવન સભ્ય થવાની ફી રૂા.૬,૦૦૦ છે. એક વખત આ રકમ ભર્યા બાદ આજીવન આપને સુવિચાર માસિક નિઃશુલ્ક મળશે. તે ઉપરાંત રૂા.૫૦૦/-ની કિંમતના સંસ્કારલક્ષી પુસ્તકો ભેટ તરીકે મળશે.

---

૨. આપ સુવિચારના ગ્રાહક બનીને પણ સેવાકાર્યને સહાય કરી શકો છો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ષનું લવાજમ | રૂા. ૧૫૦ | ૩ | વર્ષનું લવાજમ | રૂા. ૪૨૫ |
| ૫ | વર્ષનું લવાજમ | રૂા. ૭૦૦ | ૧૦ | વર્ષનું લવાજમ | રૂા. ૧૨૦૦ |

આપ અમને ચાલુ વર્ષે પાંચ ગ્રાહક નોંધી આપશો તેવી વિનંતી છે.

---

૩. સદ્‌વિચાર પરિવારમાં હવે સંસ્કારલક્ષી, આરોગ્યને લગતાં, પ્રેરણાત્મક અને ધાર્મિક પુસ્તકો ઉપલબ્ધ છે. પુસ્તકોની અને સીડીની યાદી સદ્‌વિચાર પરિવાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. સારા પુસ્તકો ઘરની શોભા છે.

---

૪. સદ્‌વિચાર પરિવાર, સેટેલાઈટ, અમદાવાદમાં દરરોજ 'સંત પુનિત ખીચડી પ્રસાદ કેન્દ્ર' દ્વારા ભૂખ્યાંને ભોજન આપવાની ફરજ બજાવવામાં આવે છે. આ માટે એક દિવસના **રૂા.૧,૨૦૦** નો સહયોગ આવકાર્ય છે.

---

૫. પ્રસૂતા બહેનોના સ્વાસ્થ્ય અને પોષણ માટે મ્યુનિસિપલ હૉસ્પિટલોમાં ચોખ્ખા ઘીનો શીરો અને સુખડીનું વિતરણ કરવામાં આવે છે. આ માટેનો દૈનિક સહયોગ **રૂા.૧,૨૦૦** સ્વીકારવામાં આવે છે.

---

૬. **અન્નદાન - મહાદાન :**

સદ્‌વિચાર પરિવાર, સેટેલાઈટ, અમદાવાદમાં દિશા ફાઉન્ડશેન પ્રાયોજિત કોમ્યુનિટી કિચન યોજના દ્વારા પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં રહેતા સિનિયર સિટીઝન માટે ઘેર બેઠાં ટિફીન પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત આ કિચનના ડાઈનિંગ રૂમમાં ભોજન અને નાસ્તાની સુવિધા ઉપલબ્ધ છે. કોઈપણ જરૂરિયાતમંદ વ્યક્તિ ભોજનાર્થે આવે તો તેને નિઃશુલ્ક ભોજન પૂરું પાડવાની યોજના **''અન્નદાન-મહાદાન'' માટે આપ વ્યક્તિ દીઠ રૂા.૫૦ના ખર્ચ સામે આપ ઈચ્છો તેટલી વ્યક્તિઓ માટે ભોજનદાન નોંધાવી શકો છો.** રૂા.૫૦ના ગુણાંકમાં આપનું દાન આવકાર્ય છે.

---

૭. સામાજિક, સાંસ્કૃતિક કે ધાર્મિક પ્રસંગો યોજવા માટે સેટેલાઈટ રોડ, જોધપુર ટેકરા પર વિશાળ લોન વગેરેની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ છે.

---

૮. **સુવિચાર સહયોગ :**

સદ્‌વિચાર પરિવારના મુખપત્ર 'સુવિચાર'ના ૧૦ હજાર જેટલા ગ્રાહકો છે. આ મેગેઝીન સેવાપ્રવૃત્તિના અને સંસ્કારપ્રસારના હેતુથી ચાલે છે. આપ રૂા.૫૦,૦૦૦/- આપી એક અંકના સૌજન્ય બની શકો છો. આ ઉપરાંત આપ એક પાનાંની બ્લેક-વ્હાઈટ જાહેરાતના સાદા પેપરના રૂા.૬૦૦૦ તેમજ બીજા અને ત્રીજા ટાઈટલ ઉપર જાહેરાતનો ભાવ રૂા.૧૫,૦૦૦ અને ચોથા ટાઈટલ માટે રૂા.૨૦,૦૦૦નો ભાવ રાખવામાં આવ્યો છે.

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

## આરોગ્ય સેવામાં સહયોગ

સદ્‌વિચાર પરિવાર દ્વારા નરોડા વિસ્તારમાં હરગોવનદાસ પ્રભુદાસ સદ્‌વિચાર પરિવાર આંખની હૉસ્પિટલ અને ગોધરામાં પી.ટી. મીરાણી આઈ હૉસ્પિટલ અને સ્વ. સદાબા વિઠ્ઠલભાઈ પટેલ મેડિકલ સેન્ટરનું સંચાલન થઈ રહ્યું છે. આ માટે નીચે મુજબ દાનની આવશ્યકતા રહે છે.

| ક્રમ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | એક દર્દીના મોતીયાનું લેન્સ સાથે ઑપરેશન | ૨,૫૦૦ |
| ૨. | આંખના દર્દીઓની સારવાર માટે જરૂરી સાધનો.<br>આ બાબતે વધુ માહિતી માટે ડૉ. ઋષિલ દેસાઈનો<br>મો. નં. ૯૪૨૬૫૪૪૬૨૨ પર સંપર્ક કરવો. | ૨૦,૦૦૦ થી<br>૧,૦૦,૦૦૦ સુધીનો ખર્ચ |
| | ૧. યાગ લેસર (છારી)ના ઑપરેશન માટે યાગ લેસર મશીન | ૧૨,૫૦,૦૦૦ |
| | ૨. લેન્સો મીટર | ૨,૦૦,૦૦૦ |
| | ૩. ફંડ્સ કૅમેરા | ૮,૦૦,૦૦૦ |
| ૩. | મોતિયાના ઑપરેશન માટે નવું ફેકો મશીન વસાવવા માટેની જરૂરિયાત | ૭,૫૦,૦૦૦ |
| ૪. | શ્રીમતી કુસુમબહેન હરેશચંદ્ર પારેખ સીનીયર સીટીનર હૅલ્થકેર યોજના<br>(આઉટ પેશન્ટ ડિપાર્ટમેન્ટ) માટે આર્થિક સહયોગ | |
| | ૧ દિવસના | ૨,૫૦૦ |
| | ૧ સપ્તાહ | ૧૫,૦૦૦ |
| | ૧ મહિનો | ૬૦,૦૦૦ |
| ૫. | હરગોવનદાસ પ્રભુદાસ સદ્‌વિચાર પરિવાર હૉસ્પિટલ રીનોવેશન ભંડોળ | |
| | રજતદાતા | ૧,૦૦,૦૦૦ |
| | સુવર્ણદાતા | ૨,૦૦,૦૦૦ |
| | પ્લેટિનમ દાતા | ૩,૦૦,૦૦૦ |
| | ડાયમંડ દાતા | ૫,૦૦,૦૦૦ |
| | દાતાઓના નામ તક્તિમાં દર્શાવવામાં આવશે. | |

હરગોવનદાસ પ્રભુદાસ સદ્‌વિચાર પરિવાર હૉસ્પિટલમાં છેલ્લા વર્ષના કામકાજની વિગત નીચે મુજબ છે.

૧. વર્ષ : ૨૦૧૬-૧૭માં આંખના કુલ કેસ ૧૪૬૮૬ તપાસવામાં આવ્યા છે.

૨. વર્ષઃ ૨૦૧૬-૧૭માં મોતિયાના ઑપરેશન કુલ ૧૧૯૩ કરવામાં આવ્યા છે.

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

અકસ્માત કે વૃદ્ધાવસ્થા અથવા ઑપરેશન બાદની ઘરની સારવારમાં અનેક સાધનોની જરૂરિયાત ઊભી થાય છે. સદ્‌વિચાર પરિવાર આવા દર્દીઓને ટોકન ભાડે આવી વસ્તુઓ વાપરવા આપે છે. નીચે મુજબની વસ્તુ કે તેની ખરીદી માટે આપ રોકડ દાન કરી શકો છો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | વોટરબેડ નંગ-૧ | રૂા.૧૫૦૦ | (૨) | એરબેડ નંગ-૧ | રૂા.૨૫૦૦ |
| (૩) | ફાઉલર બેડ નંગ-૧ | રૂા.૮૦૦૦ | (૪) | ઓક્સિજન ફલો મીટર | રૂા. ૭૫૦ |
| (૫) | વ્હીલચેર ફોલ્ડીંગ નંગ-૧ | રૂા.૩૭૫૦ | (૬) | સકશન મશીન પોર્ટેબલ મશીન | રૂા.૫૫૦૦ |
| (૭) | નેબ્યુલાઈઝર મશીન નંગ-૧ | રૂા.૨૦૦૦ | (૮) | વૉકર ફોલ્ડીંગ નંગ-૧ | રૂા.૧૨૦૦ |
| (૯) | કમોડ સ્ટુલ નંગ-૧ | રૂા. ૩૦૦ | (૧૦) | કમોડ ચૅર નંગ-૧ | રૂા. ૫૦૦ |
| (૧૧) | બેક રેટ સ્ટેન્ડ નંગ-૧ | રૂા. ૫૦૦ | (૧૨) | ઓક્સિજન સીલીન્ડર | રૂા.૭૫૦૦ |
| (૧૩) | બેડપાન | રૂા. ૩૦૦ | (૧૪) | ઓક્સિજન ટ્રોલી | રૂા. ૮૫૦ |
| (૧૫) | ગ્લુકોઝ સ્ટેન્ડ | રૂા. ૮૫૦ | (૧૬) | યુરીન ટબ | રૂા. ૧૦૦ |

આ મેડીકલ સહાય સાધનોનો ઉપયોગ સતત વધતો હોય ઉપરોક્ત નં. ૧ થી ૧૬ વસ્તુઓના ૧ સેટની કિંમત રૂા. ૩૬,૧૦૦ થાય છે. તેટલી રકમ દાનમાં આપશો તો લોકસેવાનું સારું કામ થઈ શકશે. આ ઉપરાંત મૃતદેહને સાચવવા માટે બે એરકન્ડીશન્ડ કોફિન પણ ઉપલબ્ધ છે.

## વિદ્યાર્થી અને વિકલાંગ સેવા

| ક્રમ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | સદ્‌વિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ૨૦૦ વિદ્યાર્થીઓને તિથિ ભોજન | ૧૦,૦૦૦ |
| ૨. | એક વિકલાંગ વિદ્યાર્થી દત્તક યોજના ૧ વર્ષ માટે | ૬૦૦૦ |
| ૩. | તબીબી સારવાર માટેના ભંડોળમાંથી અન્ય હૉસ્પિટલોમાં સારવાર લેતાં ગરીબ દર્દીઓને પોષણ, દવા, ડાયાલીસીસ, વગેરે માટે ઉચ્ચક સહાય દર્દી દીઠ | ૨૫૦૦ |
| ૪. | ચીનુભાઈ આર. શાહ કમ્પ્યૂટરના વિદ્યાર્થીને ફી માફી માટે | ૩૫૦૦ |
| ૫. | તપોવન યોજના હેઠળ સગર્ભા બહેનોને પોષણ માટેનો દૈનિક ખર્ચ | ૨૦૦૦ |

**એક વિદ્યાર્થીને સહાય કરો, એક વ્યક્તિની કારકિર્દીથી જીવન સમૃદ્ધ કરો.**

### સદ્‌વિચાર પરિવારને જરૂર છે CSR હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ માટે નાણાંકીય સહયોગની

| ક્રમ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | શારદાબહેન હરિભાઈ પંચાલ સમર્પણ સેવા સંકુલમાં શાંત અને સ્વચ્છ વાતાવરણમાં ઉચ્ચ અભ્યાસક્રમ અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ૧૦૦ વિદ્યાર્થીઓ તૈયારી કરી શકે તેવા અદ્યતન વાતાનુકુલિત રિડીંગ રૂમ માટે. | ૧,૦૦,૦૦,૦૦૦ (રૂા. એક કરોડ) |
| ૨. | સદ્‌વિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર | ૮૦,૦૦,૦૦૦ |

ઉંવારસદમાં ૨૦૦ વિદ્યાર્થીઓની નિવાસી શાળામાં સભાખંડ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટેની વધારાની જગ્યાના બાંધકામ માટે

| | | |
|---|---|---|
| ૩. | મહિલા તથા બાળકોના રોગોના નિદાન અને સારવાર માટે | ૬,૦૦,૦૦૦ |
| ૪. | કમ્યુનિટી કિચન માટે વધારાના ફર્નિચર માટે | ૨,૦૦,૦૦૦ |
| ૫. | સદ્‌વિચાર પરિવાર અને મેક આ ડિફરન્સ સંચાલિત ગરીબ બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી સાધનો. | ૧,૦૦,૦૦૦ |

## સંસ્થાની પ્રવૃત્તિઓના દાન અંગે અન્ય માહિતી

૧. રૂપિયા એક લાખથી વધારેની રકમનું દાન આપનારનું નામ તકતી પર સુવર્ણ અક્ષરે લખવામાં આવશે. તમામ દાતાઓની યાદી દર ત્રણ મહિને સુવિચારમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨. સદ્‌વિચાર પરિવારને અપાતું દાન ઈન્કમટેક્ષના કાયદાની કલમ ૮૦ જી હેઠળ ૫૦ ટકા કર રાહત માટે માન્ય છે.

૩. સદ્‌વિચાર પરિવારમાં દાન માટે નીચેનામાંથી આપ કોઈપણનો આપ નિઃસંકોચ સંપર્ક સાધી શકો છો.

| ક્રમ. | ટ્રસ્ટી | મોબાઈલ નંબર | ઈ-મેઈલ |
|---|---|---|---|
| ૧. | પ્રવીણ ક. લહેરી | ૯૮૨૪૦૮૩૯૬૯ | pklaheri@gmail.com |
| ૨. | ડૉ. પંકજ એમ. શાહ | ૮૭૫૮૦૬૦૯૦૦ | pmshah45@gmail.com |
| ૩. | પ્રફુલ્લભાઈ એચ. અધ્વર્યુ | ૯૭૨૬૩૭૮૮૧૮ | sdparivar.org@gmail.com |
| ૪. | કે. આર. સિંઘ | ૯૪૨૭૩૦૩૩૧૬ | krsingh13@hotmail.com |
| ૫. | જે. બી. પંચાલ | ૯૯૨૪૮૭૧૧૮૮ | jitendrabpanchal@yahoo.com |
| | **સદ્‌વિચાર પરિવાર સ્ટાફ** | | |
| ૧. | મિતેષ એ. શાહ | ૯૪૨૭૬૩૧૩૧૩ | mshah644@gmail.com |
| ૨. | કામિનીબહેન જે. પટેલ | ૯૮૨૫૬૯૯૫૩૯ | - |
| ૩. | મયંકભાઈ ભટ્ટ | ૯૮૭૯૦૦૪૦૩૪ | mayankbhatt@mail.com |
| ૪. | શિલ્પાબહેન પંડ્યા | ૮૩૨૦૮૦૬૫૦૦ | shilpa.sadvichar@gmail.com |

(કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સીબિલીટી - CSR અનુસંધાને પ્રોજેકટ બાબત)

૪. સદ્‌વિચાર પરિવારના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા **જનરલ એકાઉન્ટ નં.** 32299675533 જજીસ બંગલો એરિયા બ્રાન્ચ (Code-04423) IFS Code SBIN0004423 માં દાનની રકમ સીધી જમા કરાવી શકાય છે.

૫. દાતાઓને વિનંતી કે કોઈપણ પ્રવૃત્તિના દાનનો ચેક **'સદ્‌વિચાર પરિવાર'**ના નામનો લખવો.

૬. ભારત સરકારશ્રીના આદેશ મુજબ ફક્ત રૂપિયા બે હજાર સુધીની રોકડ રકમ જ કાર્યાલયમાં સ્વીકારવામાં આવે છે. બે હજારથી વધારેની રકમ ચેકથી સ્વીકારવામાં આવશે. દાન આપ્યા બાદ પાકી પહોંચ અચૂક મેળવી લેવી.

## સદ્‌વિચાર પરિવાર

બીઆરટીએસ બસ-સ્ટોપ સામે, રામદેનગર, જોધપુર ટેકરા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૨૬૮૬૦૧૯૭/૨૬૮૬૧૦૫૫ Email : sdparivar.org@gmail.com

# પાંચ હજાર કરોડ વર્ષ જૂની સંસ્કૃતિ

આમ-તેમ હાંફળી ફાંફળી દોડતી, મોમાં ખોરાક લઈ હારબંધ જતી, જતાં જતાં રસ્તામાં મળતી કીડીઓ સાથે પા સેકન્ડભર રોકાઈ વળી વેગથી આગળ ધપતી કીડીઓને આપણે ક્ષુદ્ર જંતુ ગણીએ છીએ. પણ તેના જીવનમાં ડોકિયું કરીએ તો તેની નગર-રચના, નગરનાં વહીવટ અને વ્યવસ્થા, શિસ્ત, કરકસર, સંગ્રહવૃત્તિ અને સમાજના શ્રેય ખાતર વ્યકિતત્વનું સમર્પણ વગેરે આપણને શરમાવી દે તેવાં છે.

વિજ્ઞાનના દફતરે કીડીઓની છ હજાર જાતો નોંધાઈ છે; અને દરેક જાતની સંખ્યા પણ અનહદ. આપણા ઘરના બગીચાના એક ખૂણામાં કીડીઓની સંખ્યા ગણીએ તો અમદાવાદ શહેરની વસ્તી જેટલી થવા જાય ! કીડી સર્વત્ર જોવા મળે છે. ધ્રુવપ્રદેશોના સીમાડાઓથી માંડી મેદાનોમાં, રણોમાં અને ઊંડી ખીણોમાં સુદ્ધાં તેનું અસ્તિત્વ હોય છે !

સામાજિક જીવન ગાળનારા કીટકોમાં ચાર મોખરે છે : ઊધઈ, કીડી,મધમાખી અને ભમરા. મધપૂડા બાંધતી મધમાખીની ક્રિયાશીલતા અને ચાતુર્ય નિહાળી આપણે મુગ્ધ બનીએ છીએ. ઓછામાં ઓછું મીણ વાપરીને વધારેમાં વધારે મધ સંઘરાય એવા ષટ્કોણ આકૃતિની યોજનાવાળા મધપુડા બાંધનાર મધમાખોની ચતુરાઈ, ઉદ્યમ અને ખંત અજબ પ્રકારનાં છે.

મધમાખોના જેવી જ અદ્દ્ભૂત નગરરચના અને વ્યવસ્થા કીડીઓની છે. નગર -રચનામાં માનવીના જેવી કારીગરી, સમૂહજીવનમાં જળવાતાં શિસ્ત ને વ્યવસ્થા અને રોજિંદાં કાર્યોની નિપુણતા નિહાળીએ ત્યારે દિલમાં પ્રશ્ન ઊઠે કે કીડી જેવા નાનકડા જીવને સાચી બુદ્ધિશકિત હશે ખરી ? કીડીના જીવનનો વર્ષો સુધી અભ્યાસ કરનાર લોર્ડ ઑબરી કહે છે કે, '' જંતુસૃષ્ટિમાં કીડીના જેટલી બુદ્ધિશકિત કોઈની નથી.'' જમીનમાં રસ્તા કોતરી દર બનાવવાં, દરને રક્ષવું, ખોરાક એકઠો કરવો અને સંઘરવો, બચ્ચાંને પોષવાં અને મોટાં કરવાં, ' ગાયો' રાખવી ને તેનું દૂધ પીવું, બગીચા બનાવવા, ઉપાડેલું કામ ખંતથી અને ગૂંચાયા વગર કરવું, વગેરે બાબતો વિચાર કરવાની શકિત વગર પાર શી રીતે પડે ? પ્રાણીઓમાં છતી થતી બુદ્ધિશકિત અનુસાર તેમને નિહાળીએ તો ગોરીલા અને ચિમ્પાન્ઝી કરતાં મધમાખ અને તેના કરતાં પણ અદકી કીડીને માણસ પછી બીજી હરોળમાં મૂકી શકાય.

ઘોડાં, હાથી અને કૂતરાં કરતાં પણ કીડીમાં પ્રમાણમાં અદકું ચાતુર્ય છે. તેનાં લશ્કરો ખૂનખાર લડાઈમાં ઊતરે છે. લડાઈમાં પકડાયેલી કીડીઓને ગુલામ તરીકે રાખે છે. એક દરની કીડીઓ સાથી પ્રત્યે વહાલ રાખે છે, આપણે જેવું સગાંઓ પરત્વે દાખવીએ તેવું. રાગદ્વેષ પણ એટલાં જ.પરાયી કીડી જોઈ કે તેને તરત જ મારી નાંખે. તેની યાદશકિત પણ અદ્દ્ભૂત. કીડીને દરમાંથી પકડી અન્ય સ્થળે પૂરી રાખ્યા બાદ દરમાં પાછી મૂકીએ ત્યારે સાથી કીડીઓ તેને તરત ઓળખે છે અને તેને વહાલ કરે છે.

કીડીનગરમાં એક રાણી કીડી અને બહુસંખ્ય વંધ્ય કીડીઓ વસે છે. વંધ્ય કીડીઓ સૈનિક ને કામદારનું કામ ઉપાડે છે. રાણી મરજી મુજબ ઈંડા મૂકે છે. ઈંડાં ફળેલાં હોય કે ના પણ હોય. ફળેલા ઈંડામાંથી માદા અને ન ફળેલાં ઈંડામાંથી નર કીડીઓ પેદા થાય છે.

નર અને રાણી કીડીઓને પાંખો ફૂટે છે ત્યારે તેઓ દર બહાર ઊડી જાય છે. અધ્ધર ઊડતાં ઊડતાં તેઓ

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

એકબીજાં સાથે જોડાઈ મધુરજની માણે છે. પછી બન્ને છૂટાં પડે છે. નર કીડી અથડાઈ કુટાઈ ભૂખમરાથી મરણ પામે છે. રાણી કીડી જીવનમાં એક જ વખત નર સાથે સહચાર સાધે છે, પછી તો તે જીવે ત્યાં સુધી ( સત્તર વર્ષની એની આયુમર્યાદા નોંધાઈ છે.) મરજી મુજબ ઈંડાં મૂકે છે. ફકત આ જ તેના જીવનનું એકમાત્ર કામ છે.

કામદાર કીડીઓના કામ પ્રમાણે જુદાજુદા વર્ગ છે. જેવું તેમનું કામ તે મુજબ તે કદમાં નાની -મોટી હોય છે.કેટલીક દર બાંધવાના કામમાં ગુંથાયેલી હોય છે, તો બીજી ફકત ખોરાક લાવવાના કામમાં જ જોડાય છે ; જયારે બીજી એકલું 'બચ્ચાં' ઉછેરવાનું જ કામ કરે છે. કોઈક દરમાં મોટા માથાવાળી કીડીઓ દરના દ્વાર આગળ માથું રાખી, દરનું મોં બંધ કરી પડી રહી દરનું રક્ષણ કરે છે. તો વળી કોઈ કીડીઓ ફૂગના બગીચા ઉછેરી બાગબાની કરે છે. ફૂગમાંથી બચ્ચાંને ખોરાક આપવામાં આવે છે.

કીડીઓ ગણિકા, પરિચારિકા, ખેડૂત અને સ્થપતિ પણ છે. સ્થપતિ ? હા, હા, વિશ્વની અજબ, અઠંગ અને કુશળ સ્થપતિ ! પૂર્વ આફ્રિકામાં ઊધઈ વીસ ફૂટ ઊંચા રાફડા બાંધે છે. પા ઈંચ જેટલું નાનકડું જંતુ વીસ ફૂટ ઊંચા મિનારા બાંધે ! રાફડા બાંધવામાં ઊધઈ યોજના, ખંત, હિંમત ચાતુર્ય અને કૌશલ્યભરી કારીગરીનું દર્શન કરાવે છે. પ્રાચીન ઈજિપ્તવાસીઓ પાસે પિરામીડો બાંધવા માટે ટાંચા પણ સાધનો હતાં. પણ ઊંચા રાફડા બાંધનાર ઊધઈ પાસે સાધનો પણ શાં ? કુદરતે આપેલાં ટચુકડાં અંગો સિવાય બીજું એકે ય નહીં. વનસ્પતિ ચાવીને તેના કૂચામાંથી રાફડાના થર બનાવી,લાળ વતી તેને સાંધી કુશળ કારીગરની અદાથી ઊધઈ ઊંચા મિનારા બાંધે છે.

કીડી આંધળી કે આંધળા જેવી જ છે ,કારણકે આંખ વડે જોઈને તે હલનચલન કરે છે એવું નથી ; અને છતાં પણ એનો રસ્તો ગમે તેટલો ભૂલાવો કે ગૂંચવાવો તો પણ તે છેવટે પોતાના દરમાં જ જઈને ઊભી રહેવાની.

કીડીનગર એક અદ્વિતીય અને અપ્રતીમ લોકશાહી સંસ્થા છે, કારણ કે એમાં દરેક જણે પોતાના વ્યકિત્વનું ઐચ્છિક સમર્પણ કરેલું હોય છે. એમાં કોઈની હકૂમત નથી, કોઈ નેતા નથી, કોઈ અમલદાર નથી. પણ સૌ પોતપોતાનું કામ ચીવટથી કર્યે જાય છે.

જંતુઓની સંસ્કૃતિ જૂની છે, માનવી પૃથ્વી ઉપર આવ્યો તે પહેલાંની યુગોજૂની.કીડીઓએ પાંચ કરોડ વર્ષો થયાં પૃથ્વી ઉપર જીવી જાણ્યું છે. માનવીને સમાજરચનામાં મૂંઝવતા પ્રશ્નો તેણે લાખ્ખો વર્ષો થયાં ઉકેલ્યા છે. વર્ગવિગ્રહ વગરનો સમાજ રચવા માટે માનવીએ કીડી પાસેથી જીવનના પાઠ શીખવાના છે.

(સૌજન્ય : 'મિલાપ')

**<u>ફેબ્રુઆરી મહિનામાં આવતા આરોગ્ય દિવસો</u>**

૪ ફેબ્રુઆરી, વિશ્વ કૅન્સર દિવસ, ૧૨ ફેબ્રુઆરી, જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય જાગૃતતા દિવસ, ૧૪ ફેબ્રુઆરી, રાષ્ટ્રીય અવયવ દાતા દિવસ, ૧૫ ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય બાળ કૅન્સર દિવસ, ૧૦ થી ૧૬ ફેબ્રુઆરી, ગર્ભાવસ્થા જાગૃતિ દિવસ.

બીના શ્રેયસ પંડ્યા આરોગ્ય, શિક્ષણ, માહિતી અને સંદર્ભ કેન્દ્ર, સદ્‌વિચાર પરિવાર આરોગ્ય વિષયક જુદા જુદા દિવસોની ઉજવણી નિમિત્તે નિષ્ણાત તબીબો દ્વારા લોકભોગ્ય ભાષામાં લેખો તથા જુદી જુદી પ્રાપ્ત માહિતી માટે શ્રી જપન દવે મો.નં. ૯૮૭૯૯૫૭૭૧૫ પર સંપર્ક કરવો.

## પરમેશ્વરની પ્રતીતિ

રણછોડ શાહ

જીવન જીવવાની સર્વોત્તમ જડીબુટ્ટી એટલે વિશ્વાસ. સ્વમાં વિશ્વાસ હોવો જોઈએ અને અન્યોમાં પણ હોય તે આવશ્યક છે. જે વ્યકિત પોતાનામાં વિશ્વાસ ધરાવે છે તે જ પ્રગતિના પંથે આગેકૂચ કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્મવિશ્વાસથી સભર વ્યકિત જ કંઈક પામી શકે છે અને કંઈક આપી પણ શકે છે.મનુષ્યની જિંદગીમાં અનેક વ્યકિતઓનું આવવું અને સમયાંતરે જતા રહેવું પણ અત્યંત સ્વાભાવિક હોવાથી અન્યો ઉપર વિશ્વાસ રાખવો તેમાં ડહાપણ છે. કયારેક વિશ્વાસઘાતનો અનુભવ થાય તેવું પણ બને. પરંતુ તેથી સૌને અવિશ્વાસની નજરે જોવાનું સલાહ ભરેલું નથી. સમગ્ર જીવન દરમિયાન બનતી અનેક ઘટનાઓમાંથી કેટલાક પ્રસંગે વિશ્વાસથી વહાણ તરી જાય છે તો કયારેક ખોટકાય પણ ખરુંને ? કયારેક અત્યંત નજીકની વ્યકિત દગો દે ત્યારે તે જ ક્ષણે બીજી કોઈ ઓછી જાણીતી અથવા તદ્દન અજાણી વ્યકિત મદદનો હાથ પણ લંબાવતી જ હોય છે.શ્રદ્ધાની શકિત જ અપરંપાર હોય છે.

એક છ વર્ષનો બાળક પરમાત્માને મળવાની જીદે ચડયો હતો. તેને પ્રભુ વિશે કાંઈ ખબર નહોતી. પરંતુ ઈશ્વરને મળવાની તમન્ના હતી. તેને વિશ્વાસ હતો કે કયારેક તો પરમાત્મા સાથે તે ભોજન લેશે જ.

એક દિવસ થેલીમાં ૫-૧૦ રોટલીઓ નાખીને ભગવાનને શોધવા નીકળી પડયો. ચાલતાં ચાલતાં ખૂબ દૂર જતો રહ્યો અને સાંજ પડી ગઈ. તેણે જોયું તો નદીના સામે કિનારે એક વૃદ્ધ બેઠો હતો.તેને તે વડીલની આંખોમાં ગજબનું તેજ જોયું. તેનો ચહેરો સ્મિતપૂર્ણ હતો.તેની દૃષ્ટિ એમ કહેતી હતી કે તે ઉત્કંઠાપૂર્વક કોઈના આગમનની રાહ જોતો જોતો રસ્તા ઉપર નજર નાખી રહ્યો હતો.

પેલો છ વર્ષનો છોકરો તે વૃદ્ધની પાસે જઈને બેઠો. પોતાની ઝોળીમાંથી રોટલી કાઢીને ખાવા લાગ્યો. તે વૃદ્ધને રોટલી આપવા માટે તેણે હાથ લંબાવ્યો અને હસતા ચેહરે જોવા લાગ્યો.તે વૃદ્ધે રોટલી લઈ લીધી. તે ખુશીથી ઝૂમી ઊઠયો. તેના મુખ ઉપર ગજબનો આનંદ દેખાવવા લાગ્યો અને આંખોમાંથી હર્ષનાં આંસુ પણ આવી ગયા.

બાળક વૃદ્ધને જોઈ રહ્યો હતો. જયારે તેણે એક રોટલી ખાઈ લીધી ત્યારે બાળકે બીજી આપી. વૃદ્ધ ખુશખુશ થઈ ગયો. બાળક પણ ખૂબ આનંદિત થઈ ગયો. બંનેએ એકબીજા સાથે આનંદની ક્ષણો પ્રેમથી પસાર કરી. જયારે રાત પડવા લાગી ત્યારે બાળક તે વડીલની રજા લઈને ઘર તરફ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં વારંવાર પાછળ નજર નાખી વૃદ્ધને જોયા કરતો હતો.વૃદ્ધ પણ ત્યારે તેના તરફ જ નજર નાખી રહ્યો હોય તેવું બાળકે અનેકવાર જોયું.

બાળક જયારે ઘેર પહોંચ્યો તો પુત્રને આવતો જોઈ મા તેને ભેટી પડી અને તેને બચ્ચીઓ કરી પ્રેમથી નવડાવી દીધો. બાળક અત્યંત આનંદિત હતો. માએ દીકરાને પહેલીવાર આટલો ખુશ જોયો હતો. કારણ પૂછયું. બાળકે જણાવ્યું, ‘‘મા....મા.... આજે તો મેં પરમાત્માની સાથે ભોજન લીધું. તમને ખબર છે ! તેણે તો મારી રોટલી ખાધી. આજે મને ખૂબ મજા આવી. મા, ભગવાન ખૂબ ઘરડા થઈ ગયા છે.’’બીજી બાજુ વૃદ્ધ પોતાના ગામ ગયો. તો ગામવાળાઓએ જોયું કે તે ખૂબ ખુશ હતો. કોઈકે તેને આટલી બધી ખુશીનું કારણ પૂછયું. બૂઝર્ગ બોલ્યો, ‘‘હું બે દિવસથી નદી કિનારે ભૂખ્યો બેઠો હતો. મને વિશ્વાસ હતો કે પ્રભુ આવશે અને મને ખાવાનું આપશે. આજે ભગવાન આવ્યા હતા. પ્રભુએ મારી સાથે બેસીને

રોટલી ખાધી અને મને પણ બહુ પ્રેમથી ખવડાવી. પ્રેમવિભોર બનીને મારી તરફ જોઈ રહ્યા હતા. જતી વખતે મને ભેટી પડયા. પરમાત્મા ખૂબ નાદાન બાળક જેવા છે.''

આ વાર્તાનું રહસ્ય ખૂબ ગૂઢ છે. સાચી વાત તો એ છે કે બંનેના હૃદયમાં પરમાત્મા તરફ સાચો પ્રેમ હતો. પ્રભુએ બંને માટે, એકબીજા માટે અને બંનેના હૃદયમાં પોતાનો વાસ કર્યો. જયારે મન પ્રભુ ભકિતમાં લીન થઈ જાય ત્યારે આપણને સૌમાં પરમાત્માનાં અચૂક દર્શન થાય જ છે. ભગવાન હંમેશાં આપણી નજીક હોય છે, આપણી અત્યંત નજીક હોય છે અને તે સદાય આપણી આજુબાજુ જ રહેતા હોય છે. આપણે જયારે તેના દર્શન માટે આતુર હોઈએ તો આપણને તેનાં દર્શન પ્રત્યેક સ્થળે થાય છે, પ્રત્યેક વ્યકિતમાં થાય છે. આ મનોસ્થિતિ આવ્યા બાદ કોઈ ધાર્મિક સ્થાન માટે ભટકવું પડતું નથી, પૂજાપાઠ કે ધ્યાનસ્થ થવાની જરૂર જ પડતી નથી. પ્રેમ અને આંસુની ઓળખ ભલે અલગ અલગ હોય પરંતુ બંનેનું ગોત્ર તો એક જ છે અને તે છે હૃદય. પ્રભુનું પણ તેવું જ છે તેનાં સ્વરૂપ જુદાં જુદાં હોઈ શકે પરંતુ તે તો એક જ અવિચળ અને અવિનાશી છે. જીવનમાં આટલી સમજ આવી જાય તો પ્રત્યેક સ્થળ તીર્થધામ બની જાય અને પ્રત્યેક વ્યકિતમાં ઈશ્વરનું સ્વરૂપ નજરે પડે.

આર્થર આશે (Arthur Ashe ) નામનો એક આફ્રિકન ટેનિસનો સુપ્રસિદ્ધ ખેલાડી થઈ ગયો. તે ટેનિસનો વિશ્વ વિખ્યાત રમતવીર હતો. તેને હૃદયના ઓપરેશન દરમિયાન લોહીની જરૂર પડી. તેને ભૂલથી દુષિત લોહી ચડાવતાં તે એઈડ્સ (AIDS)નો ભોગ બની ગયો. તે માત્ર પચાસ વર્ષની વયે આ દુનિયા છોડીને જતો રહ્યો. પરંતુ તેને પ્રભુમાં અપાર શ્રદ્ધા હતી. તેના જીવનમાં બનેલ એક પ્રસંગ સૌને પ્રેરણા આપે તેવો છે.

તેની બીમારીની જાણ સમગ્ર વિશ્વને થઈ ગઈ. તેના એક ચાહકે તેને પત્ર લખ્યો. પત્રમાં જણાવ્યું હતું કે ''આટલા ખરાબ રોગ માટે પ્રભુએ તને જ કેમ પસંદ કરવો પડયો ? ''

આર્થરનો પ્રત્યુત્તર અત્યંત સૂચક, હૃદયસ્પર્શી અને ડહાપણયુકત છે :

- ૫ કરોડ લોકો ટૅનિસ રમવાનું શરૂ કરે છે.
- ૫૦ લાખ ખેલાડીઓ ટૅનિસ રમવાનું શીખે છે.
- ૫ લાખ રમતવીરો વ્યવસાયિક ટેનિસ શીખે છે.
- ૫૦ હજાર ખેલાડીઓ રમતની સરકીટ (Circuit) માં પ્રવેશી શકે છે.
- પાંચ હજાર રમતવીરો વિમ્બલનની સ્પર્ધા સુધી પહોંચે છે.
- પચાસ સ્પર્ધકો ગ્રાન્ડ સ્લેમ (Grand Slam)સુધી પહોંચે છે.
- ચાર ખેલાડીઓ સેમી ફાઈનલ સુધી પહોંચે છે.
- બે રમતવીરો ફાઈનલ એટલે કે અંતીમ સ્પર્ધા સુધી પહોંચે છે તેમાંથી માત્ર એક જ વિજયી બને છે.

જયારે હું વિશ્વ વિજેતાનો કપ મારા હાથમાં લઈ રમતના મેદાન ઉપર ઉભો હતો ત્યારે તો મેં ઈશ્વરને પૂછયું નહોતું કે ' માત્ર હું જ કેમ ? તો પછી અત્યારે હું ગંભીર બીમારીમાં પટકાઈ પડયો હોંઉ તો કેવી રીતે પૂછી શકું કે 'હું જ કેમ ?'

માત્ર આનંદ જ જીવનને મધુર બનાવી શકે છે. પ્રયત્નો સશકત બનાવે છે. દુઃખ માનવતા બક્ષે છે. નિષ્ફળતા વિન્રમતા શીખવે છે. સફળતા ચમક અર્પે છે. પરંતુ માત્ર વિશ્વાસ જ તમને પ્રગતિના પંથે પ્રયાણ કરાવે છે.

તમને જયારે તમારી જિંદગીથી સંતોષ હોતો નથી ત્યારે પણ કેટલાય લોકો તમારા જેવું જીવન જીવવાનું સ્વપ્ન સેવે છે. એક બાળક ખેતરમાં ફરતું ફરતું આકાશમાં ઉડતું વિમાન જુએ છે. પરંતુ વિમાન ઉડાડતો પાયલોટ લીલાંછમ ખેતરો જુએ ત્યારે ઘેર પરત ફરવાનાં

સ્વપ્નો જોવા માંડે છે. આનું નામ જ જિંદગી છે !

શ્રદ્ધાના સહારે જીવન જીવીએ તો પ્રભુ વહારે આવે જ. જીવનને આનંદથી માણો. જો સંપત્તિમાં આનંદ છૂપાયેલો હોત તો ધનવાનો જ રસ્તા ઉપર નૃત્ય કરતા હોત, પરંતુ તેવું નથી. રસ્તા ઉપર નાચવાનો આનંદ તો નિર્ધન બાળકો જ માણે છે. જો સત્તા જ સલામતિ બક્ષતી હોત તો વીઆઈપી સલામતિ રક્ષકો વિના ફરતા હોત. પરંતુ જેઓ સાદાઈથી રહે છે તેઓ જ નિરાંતની નિંદર માણી શકે છે. જો સૌંદર્ય અને કીર્તિથી જ આદર્શ સંબંધો સ્થાપી શકાતા હોત તો તમામ સુપ્રસિદ્ધ મહાનુભાવોના લગ્નજીવન ઉત્તમ રીતે પસાર થયા હોત પરંતુ તેમ બનતું નથી. સાદાઈથી જીવો, નમ્રતાપૂર્વક આગળ વધો, દિલથી ચાહો અને પ્રભુના ચરણોમાં વિશ્વાસ અને શ્રદ્ધાપૂર્વક જીવન સમર્પિત કરો.

❋ ❋ ❋

૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુવાડી, જેતલપુર રોડ,
વડોદરા-૩૯૦૦૦૭.

## બીના શ્રેયસ ફાઉન્ડેશન - સાર્વજનિક સ્વાસ્થ્ય લાયબ્રેરી

અમદાવાદ સ્થિત સેટેલાઈટ રામદેવનગર વિસ્તારમાં આવેલા વિશાળ પરિસરમાં ''સદ્‌વિચાર પરિવાર''નું મુખ્ય ઘટક ખૂબ જ અદ્યતન સુવિધા સાથે પ્રસ્થાપિત છે. જેમાં એક મોટા પાયાનું સ્વાસ્થ્ય માહિતી કેન્દ્ર વિકસી રહ્યું છે. આ કેન્દ્રની અંતર્ગત અનેક ગણનામી સ્વાસ્થ્યવિદ દ્વારા સ્વાસ્થ્ય માટેની જનસામાન્યમાં જાગૃતિ ઉભી કરવાના પ્રયત્ન સારા એવા સમયથી થઈ રહ્યા છે.

આ ઉપરાંત તેના સંદર્ભે ઉજવાતા દિવસોની ઉજવણી વગેરે પણ થાય છે. સાથે સાથે ૨૦૧૪-૧૫ માં શરુ થયેલ '' બીના શ્રેયસ પંડયા હેલ્થ એજયુકેશન ઈન્ફર્મેશન એન્ડ રિસોર્સ સેન્ટર'' અંતર્ગત તબીબી ક્ષેત્રના ડીજીટલ અને ભૌતિક પુસ્તકોની હેલ્થ લાયબ્રેરી એડીનેટ દ્વારા ઉપલબ્ધ કરાઈ છે. આ સંગ્રહમાં અહીં આવતા તજજ્ઞો, વિદ્યાર્થીઓ, સંશોધકો તેમજ જન સામાન્યને ઉપયોગી એવાં પુસ્તકો પ્રીન્ટેડ અને ડીજીટલ સ્વરૂપે મળી શકે છે. આ ઉપરાંત આજકાલ વધી રહેલા કેટલાક સ્વાસ્થ્યના પ્રશ્નોને માટે ઉપયોગી એવા સહાયક પ્રકાશનો પણ ઉપયોગી છે. આ લાયબ્રેરીમાં સ્વદેશી અને વિદેશી પાઠયપુસ્તકો તેમજ પત્રિકાઓ, માહિતીની પુસ્તિકાઓ, શોધપત્રો તથા પોસ્ટર્સનો સમાવેશ થાય છે. સમાજમાં સ્વાસ્થ્યની જાગૃતિ માટે પણ જરૂરી એવા માળખાને ઊભું કરવા સહાયક પુસ્તિકાઓ જેવી કે ''સ્વાસ્થ્ય પાસપોર્ટ''(સ્ત્રીઓ અને પુરુષો)નાં સાહિત્ય, ગુજરાતી, હિન્દી અને એક બે અન્ય ભાષામાં નમૂના પણ છે. સદ્‌વિચાર પરિવારમાં આવતા તજજ્ઞો અને તબીબો આ સંગ્રહનો અહીં જરૂર પડે સંદર્ભ માટે ઉપયોગ કરે છે. એડીનેટ દ્વારા આ સંગ્રહની કમ્પ્યૂટર એન્ટ્રી કરી તેને ''કોહા'' સોફટવેરથી નિયંત્રિત અને ઉપલબ્ધ કરાય છે. તેમાં અપાયેલ કીવર્ડઝથી સરળતાથી ચોકકસ જરૂરી માહિતી શોધીને વાપરી શકાય છે.

અહીં ઉપલબ્ધ સંગ્રહમાં હાલ લગભગ ૧૦૦૦ થી વધુ પુસ્તકો છે તેમાં તબીબી વિજ્ઞાનને લગતાં આધારભૂત પાઠયપુસ્તકો તબીબી વિજ્ઞાનના વિષયો જેવા કે એનેટોમી, ફિઝિયોલોજી, હાઈજીન, નર્સિંગ ઉપરાંત હાડકાના, સ્નાયુના, રુધિર અને કોષો વિશેના પ્રશ્નોને લગતાં પુસ્તકો છે. તદ્‌ઉપરાંત બાળકો, વયસ્કો, સગર્ભા, વિકલાંગ, ફિઝિયોથેરાપી, પેથોલોજી, સ્વાસ્થ્ય વગેરે અનેક નાના મોટા વિષયો પર પુસ્તકો ગુજરાતી અને અંગ્રેજીમાં છે. વિદેશી સંસ્થાઓના અનેક વિષયને આવરી લેતા પેમ્ફલેટસ અને શોધપત્રો ડીજીટલ ફોરમેટમાં છે. '૧૦૦ કવેશ્ચન એન્ડ આન્સર્સ'ની શ્રૃંખલામાં વિવિધ વિષયોના અનેક સ્તરના લોકોને માટે ઉપયોગી પુસ્તિકાઓ ડીજીટલ અને પ્રીન્ટેડ સ્વરૂપે છે. ઉપરાંત કેટલાક સામાન્ય સ્વાસ્થ્યને લગતાં તેમજ ખાસ કરીને વિવિધ પ્રકારના કેન્સર, તેનો ઉપચાર, અપાતી સારવાર, તેની અસરો અને દર્દીનું મનોબળ ટકાવી રાખે તેવાં પ્રેરક પુસ્તકો જનસામાન્યને મદદરૂપ થાય તેવાં છે. આ ઉપરાંત આવી અઢળક માહિતી અને આખા સંદર્ભગ્રંથો ડીજીટલ ફોરમેટમાં પણ ઉપલબ્ધ છે જે અમદાવાદ લાયબ્રેરી નેટવર્કના કમ્પ્યૂટર પર રીફર કરી શકાય છે. આ ડીજીટલ સંગ્રહ લગભગ ૨૦૦૦ સુધી પહોંચવા થયો છે. આ આખો સંગ્રહ ડેસીમલ કલાસિફિકેશન પધ્ધતિ પ્રમાણે વિષય મુજબ સંચાલિત થઈ રહ્યો છે. આ ઉપરાંત હાલના સમયમાં ઉપયોગી એવી વેબસાઈટસની લીન્કસની યાદી ઉપલબ્ધ કરાવાઈ છે. જેને સમયાંતરે અપડેટ કરાય છે.

હાલ ડેવેલપ કરેલ ડેટાબેઝ બીજી મેડિકલ કૉલેજો સાથે જોડી OPAC ડી દ્વારા વાપરી શકાય, જો કે તેનો આધાર બીજી લાયબ્રેરીના સહકાર અને વાચકોની માંગ પર અવલંબે છે.

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

# મનનો જમણવાર અને શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ કાર્યક્રમનો અહેવાલ

❑ ❑ ❑

દર વર્ષની જેમ તા.૬ જાન્યુઆરીથી ૧૦ જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાન સદ્‌વિચાર પરિવાર સંકુલમાં મનના જમણવારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં જાણીતા અનેક સમર્થ વક્તા શ્રીમતી જ્યોતિબહેન થાનકીએ નરસિંહ મહેતાના જાણીતા પદ ''વૈષ્ણવજન તો તેને રે કહીએ..'' વિષય ઉપર પાંચ દિવસ મનનીય પ્રવચનો આપ્યાં. વૈષ્ણવજનના ૧૮ પ્રકારના સદ્‌ગુણો સમજાવતા અનેક જીવનના ઉદાહરણ સાથે શ્રોતાઓને ભાવવિભોર કર્યાં. મહાત્મા ગાંધીજીના પ્રિય ભજનમાં જે તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ વારસો તેને સુપેરે ઉજાગર કર્યો. શ્રીમતી જ્યોતિબહેનના આ પ્રવચનો રેકોર્ડ કરેલાં છે તેની સીડી પણ ટૂંક સમયમાં બહાર પાડવાની સદ્‌વિચાર પરિવારની ધારણા છે.

દર વર્ષની જેમ દરરોજ એક વિશિષ્ટ વકતાને નિમંત્રણ આપવામાં આવ્યું તે પ્રમાણે પ્રથમ દિવસે જાણીતા કટાર લેખિકા ડૉ. પ્રીતિબહેન શાહ દ્વારા ખૂબ પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું. જીવનમાં અનેક પડકારો ઝીલીને જે જે વ્યક્તિઓએ નોંધપાત્ર કામ કર્યું છે તેની રસપ્રદ માહિતી સાથે શ્રોતાઓને પ્રેરણાપીયૂષ પાયું. જીવનમાં રચનાત્મક અભિગમ દ્વારા મુસીબતો પાર કરી સફળતાના શિખર ઉપર પહોંચતા વ્યક્તિઓના જીવનવૃતાંત દ્વારા તેમણે અનોખી પ્રેરણા પૂરી પાડી.

બીજા દિવસે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના પૂર્વ નિયામક અને જાણીતા અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. રંજના હરીશ દ્વારા સાંપ્રત સમયમાં મહિલાઓની સમાનતા અને સશક્તિકરણ અંગે ખૂબ વિશદ્ વિચારો રજૂ કરવામાં આવ્યા. તેમના જીવનના અનુભવો સાથે તેમણે સંઘર્ષ, સંકલન અને સંવાદ દ્વારા પરિસ્થિતિને કેમ પલટાવવી તે અંગે શ્રોતાઓને ખૂબ ઉપયોગી માર્ગદર્શન આપ્યું.

ત્રીજા દિવસે કોર્પોરેટ જગતના ખૂબ જાણીતા અને સાહિત્યમાં અનોખી રૂચી ધરાવતા ડૉ. નીતિનભાઈ શુકલે સાંપ્રત સમયમાં રોજગારી, આર્થિક વિકાસ, મૂડીનિવેશ અને ભવિષ્યે ઉભી થનારી પરિસ્થિતિમાંથી યોગ્ય નિરાકરણ શોધવા માટે ઉપયોગી સુચનો કર્યાં. ખાસ કરીને ટૅકનોલોજીને કારણે ઓટોમેશન અને આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ બેરોજગારી વધારે નહીં તે માટે કાળજી કરવાના મુદ્દાઓ અંગે પણ ખૂબ સુંદર છણાવટ કરી. શ્રોતાઓને વિકાસની પ્રક્રિયાના મહત્ત્વના પ્રશ્નોથી વાકેફ કરી વિચારભાથું પૂરું પાડ્યું.

ચોથા દિવસે શ્રી રજનીકુમાર પંડ્યાએ સામાન્ય દેખાતા પણ અનોખા અનુભવોને કેન્દ્રમાં રાખીને કઈ રીતે સામાન્ય માણસ જીવનના ઝંઝાવાતો સામે ઝઝૂમે છે તેનું રસપ્રદ વર્ણન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યાં. જીવનની વાસ્તવિકતાઓ જ સાહિત્યનું સર્જન કરે છે અને જીવન એટલે જ વિવિધ અનુભવોનો ચંદરવો તેવો સુંદર સંદેશ શ્રોતાઓને આપી પ્રેરણા પૂરી પાડી.

અંતિમ દિવસે શ્રી રમેશભાઈ તન્નાએ હકારાત્મક પત્રકારત્વ દ્વારા સમાજના અનેક વર્ગને લાભ પહોંચાડવા માટે તેઓ પ્રયત્ન કરે છે તેની વિગતો આપી ગ્રામીણ પરિવેશમાંથી ગુજરાત વિદ્યાપીઠની તાલીમ બાદ ઇંગ્લેન્ડ અને અમેરિકાના વર્તમાનપત્રોના તંત્રી અને લેખક તરીકેની જવાબદારી સંભાળી તેમણે કરેલાં કાર્યોથી શ્રોતાઓને અભિભૂત કર્યાં. સ્વાનુભાવોનો વિસ્તાર અને અર્થઘટન કરીને શું કરવા જેવું છે તેનું સચોટ માર્ગદર્શન આપ્યું.

વર્ષ ૨૦૧૭ના 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' માટે વડોદરાના સેવાતીર્થના અગ્રણી શ્રી પુરુષોત્તમભાઈ પંચાલને શ્રીમતી જ્યોતિબહેન થાનકીના હસ્તે એનાયત કરવામાં આવ્યો. શ્રી પુરુષોત્તમભાઈ પંચાલે સેવાતીર્થ સંસ્થાના માધ્યમથી રક્તપિત્તના રોગીઓ, દિવ્યાંગો, અનાથો, દર્દીઓ એમ સમાજના અનેક જરૂરિયાતમંદ લોકોની જે સેવા કરી છે તેની સુવાસ સર્વત્ર પ્રસરી છે. તેઓ સદ્‌વિચાર પરિવારના સહયોગી રહ્યા છે અને શ્રી હરિભાઈ પંચાલના જીવનમાંથી પ્રેરણા મેળવી સંપૂર્ણ સમર્પણ સાથે લોકસેવા કરતા શ્રી પુરુષોત્તમભાઈ પંચાલે આ એવોર્ડ સ્વીકારી એવોર્ડનું ગૌરવ વધારેલ છે.

આ પ્રસંગે ટ્રસ્ટી મંડળના પી. કે. લહેરી, પ્રફુલ્લભાઈ અધ્વર્યુ, ડૉ. પંકજભાઈ શાહ, પીયૂષભાઈ દેસાઈ, જિતુભાઈ પંચાલ, કે. આર. સિંગ તેમજ સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ બેંકરના પરિવાર અને વર્તમાન પ્રમુખ શ્રી માણેકલાલભાઈના પરિવારે પણ આ પ્રસંગે હાજરી આપી પ્રસંગની શોભા વધારી હતી.

## સદ્‌વિચાર સમાચાર સેવા

### ઊંચી ક્વોલિટીનું સુંદર અને સસ્તુ દિવ્ય રામાયણ

સદ્‌વિચાર પરિવાર - અમદાવાદ દ્વારા પ્રકાશિત, હસમુખભાઈ પટેલ તથા કરસનભાઈ પટેલ દ્વારા પરિષ્કૃત 'દિવ્ય રામાયણ'ની બીજી આવૃત્તિનું વિમોચન તા.૧૦-૧-૨૦૧૮ના રોજ જ્યોતિબહેન થાનકી દ્વારા મનનો જમણવાર વ્યાખ્યાનમાળામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ દિવ્ય રામાયણ એ ૮૦૦ પાનાનો સુંદર અને આકર્ષક ધર્મગ્રંથ છે. તે વાલ્મીકિ રામાયણ આધારિત છે. જેની બજાર કિંમત રૂા.૫૦૦/- જેટલી થાય છે પરંતુ ધર્મપ્રેમીઓ ખરીદીને વાંચી શકે તે માટે માત્ર રૂા.૨૫૦/- રાખવામાં આવી છે. સૌએ લાભ લેવા વિનંતી છે.

### બીના શ્રેયસ પંડ્યા આરોગ્ય, શિક્ષણ અને માહિતી સંદર્ભ કેન્દ્ર સદ્‌વિચાર પરિવાર અને લાફીંગ કલબ અમદાવાદ (ઈન્ડિયા)ના ઉપક્રમે આરોગ્ય સેમિનારનું આયોજન

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના ઉપપ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણ લહેરી તેમજ ટ્રસ્ટી ડૉ. પંકજ શાહે સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે ટૂંકી માહિતી આપી હતી તેમજ ટ્રસ્ટીશ્રી પીયૂષભાઈ ઓ. દેસાઈએ કાર્યક્રમમાં આવનાર મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

દર મહિને ઉંમરલાયક વ્યક્તિઓની આરોગ્યની સમસ્યાઓ માટેની યોજાતી પ્રવચનશ્રેણીના અનુસંધાનમાં તા.૭-૧-૨૦૧૮ના રોજ ત્રીજા વર્ષનું પાંચમું પ્રવચન આઈસીયુ સારવાર અંગે ડૉ. પ્રતિભાબહેન દિલીપે હાજર રહેલા સિનિયર સિટીઝનોને આઈસીયુની સારવાર અંગે ઉંડાણપૂર્વક સમજણ આપી હતી. કાર્યક્રમના અંતમાં લાફીંગ કલબના પ્રણેતા ડૉ. મુકુંદભાઈ મહેતાએ પણ આ વિષય પર વિગતે સમજાવીને કાર્યક્રમનું સમાપન થયું હતું.

### <u>સદ્‌વિચાર પરિવાર અને મેક અ ડિફરન્સ</u>

- ▣ ચંદ્રીકાબહેન મધુસૂદનભાઈ પટેલની તિથિ નિમિત્તે બધા બાળકોને આઈસ્કીમ ખવડાવવામાં આવ્યો.
- ▣ ૫ ડિસેમ્બરના રોજ સ્મિતાબહેન રણછોડભાઈ પટેલ તરફથી રાજીખુશીથી બધા બાળકોને પાઉંભાજી ખવડાવવામાં આવ્યા.
- ▣ ૯ ડિસેમ્બરના રોજ નાટક કલબ દ્વારા બાળકોએ નાટકની રજૂઆત કરીને બાળકોને ખુશ કર્યા.
- ▣ ૧૬ ડિસેમ્બરના રોજ જનરલ નૉલેજ કલબની ટીમે બાળકોને નવું જ્ઞાન આપ્યું.
- ▣ ૨૧ ડિસેમ્બરના રોજ ડૉ. હેમાબહેન રામાણીના પિતાજીની તિથિ નિમિત્તે બાળકોને શાક અને પૂરી જમાડવામાં આવ્યાં.

### ગરમ ધાબળાનું વિતરણ

સદ્‌વિચાર પરિવાર તરફથી મોડાસામાં જરૂરિયાતમંદ લોકોને ૧૫૦ ગરમ ધાબળા તથા અનાજનું વિતરણ મોડાસાના શ્રી પરમાનંદભાઈ દોશીના હસ્તે તા.૧૩-૧-૧૮ના રોજ વિતરણ કરવામાં આવેલ હતું. સંસ્થાના પ્રતિનિધિ તરીકે ઉંવારસદ શાળાના આચાર્ય હાજર રહ્યા હતા.

### નિઃશુલ્ક દવાઓ સાથેનો મફત નિદાન કેમ્પ

સદ્‌વિચાર પરિવાર અને જી.સી.એસ. હૉસ્પિટલના સહયોગથી હ.પ્ર. સદ્‌વિચાર પરિવાર આંખની હૉસ્પિટલ - નરોડામાં દર મહિનાના પહેલા અને ત્રીજા શુક્રવારે ફિઝીશીયન, હાડકાંના રોગો, ચામડીનાં રોગો અને કાન, નાક, ગળાના રોગોનો મફત કૅમ્પ યોજવામાં આવે છે. જેમાં પ્રથમ કૅમ્પમાં ૫૫ દર્દીઓએ રજિસ્ટ્રેશન કરાવીને સારવારનો લાભ લીધો હતો.

Publisher, Printer **PRAVINBHAI K. LAHERI** on behalf of Owner **Sadvichar Parivar,** Printed at **Gujarat Offset Private Ltd.** Station Road, Vatva, Ahmedabad - 382 440 and Published from Sadvichar Parivar, Samarpan Vidhyapith, Near Ramdevnagar Bus Stand, Jodhpur Tekra, Satellite Road, Ahmedabad-380015. GUJARAT

**Editor : PRAVINBHAI K. LAHERI**

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

## તા.૧-૧૦-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં સદ્‌વિચાર પરિવાર મુખ્ય કાર્યાલયને મળેલ દાનની વિગત

| ક્રમ. | તારીખ | નામ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧. | ૩-૧૦-૨૦૧૭ | યોગેશભાઈ એચ. ચોકસીના પરિવાર તરફથી | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૨. | ૩-૧૦-૨૦૧૭ | બીના પરીખના પરિવાર તરફથી અમદાવાદ | ૬૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |
| ૩. | ૩-૧૦-૨૦૧૭ | મુદ્રાબહેન શાહના પરિવાર તરફથી અમદાવાદ | ૬૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |
| ૪. | ૩-૧૦-૨૦૧૭ | જયરામપ્રસાદ પરીખના પરિવાર તરફથી, અમદાવાદ | ૮૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |
| ૫. | ૩-૧૦-૨૦૧૭ | ચંદુલાલ શાહ/શર્મિષ્ઠાબહેન શાહ અમદાવાદ | ૪૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |
| ૬. | ૩-૧૦-૨૦૧૭ | કપિલાબહેન દેસાઈ/સવિતાબહેન-દેસાઈ, અમદાવાદ | ૪૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |
| ૭. | ૩-૧૦-૨૦૧૭ | તારાબહેન પારેખ, અમદાવાદ | ૨૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |
| ૮. | ૩-૧૦-૨૦૧૭ | હરેશભાઈ સી. પટેલ, અમદાવાદ | ૨૦૦૦૦ | સ.પ. વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર તીથિ ભોજન સેવા-સહકાર |
| ૯. | ૩-૧૦-૨૦૧૭ | ટી. એન. જસાણી, અમદાવાદ | ૫૦૦૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |
| ૧૦. | ૪-૧૦-૨૦૧૭ | જયપ્રકાશ આઈ. દેવાશ્રયી, અમદાવાદ | ૫૦૦૦ | સ.પ. પુનિત ખીચડી પ્રસાદ અને ધાબળા દાન સેવા-સહકાર |
| ૧૧. | ૪-૧૦-૨૦૧૭ | રમેશભાઈ એમ. પટેલ, અમદાવાદ | ૫૧૦૦ | સ.પ. અન્નદાન મહાદાન, સ.પ. સીનીયર સીટીઝન હૅલ્થકેર અને સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૧૨. | ૪-૧૦-૨૦૧૭ | સદ્‌ભાવ સેવા કેન્દ્ર, અમદાવાદ | ૫૬૫૫ | સ.પ. સદ્‌ભાવ સેવા કેન્દ્ર, વી. એસ. |
| ૧૩. | ૪-૧૦-૨૦૧૭ | કેતન એસ. શાહ, અમદાવાદ | ૧૨૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૧૪. | ૫-૧૦-૨૦૧૭ | રસિકલાલ એન. શાહ, અમદાવાદ | ૧૨૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૧૫. | ૬-૧૦-૨૦૧૭ | પટેલ કાંતિલાલ મગનલાલ ચૅરિટેબલ-ટ્રસ્ટ, મુંબઈ | ૨૦૦૦૦૦ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૧૬. | ૭-૧૦-૨૦૧૭ | નયના કનકભાઈ હઠીસિંહ, અમદાવાદ | ૧૨૫૦૦૦ | એચ.પી.એસ.પી. આંખની હૉસ્પિટલ, નરોડા, અમદાવાદ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭. | ૭-૧૦-૨૦૧૭ | નિરવભાઈ અને નેહાબહેન ડગલી, અમદાવાદ | ૪૦૦૦ | સ.પ. ટિફીન સેવા-સહકાર વી.એસ. |
| ૧૮. | ૯-૧૦-૨૦૧૭ | પરીશ કે. પટેલ, અમદાવાદ | ૨૫૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૧૯. | ૯-૧૦-૨૦૧૭ | કિરીટ આર. પટેલ, અમદાવાદ | ૨૫૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૨૦. | ૧૦-૧૦-૨૦૧૭ | વિપુલ વિહાર નવરાત્રી મંડળ, અમદાવાદ | ૧૫૦૦ | સ.પ. સિનીયર સીટીઝન હૅલ્થકેર સેવા-સહકાર |
| ૨૧. | ૧૧-૧૦-૨૦૧૭ | શ્રી વિસા મોઢ અડાલજા વણિક-જ્ઞાતિ, અમદાવાદ | ૫૦૦૦૦ | સ.પ. સમર્પણ વિદ્યાપીઠ સેવા-સહકાર |
| ૨૨. | ૧૨-૧૦-૨૦૧૭ | ટોરેન્ટ ફાર્મા, અમદાવાદ | ૨૯૪૦૦૦ | બીના શ્રેયસ પંડ્યા હેલ્થ ઍજ્યુ.સેન્ટર |
| ૨૩. | ૧૨-૧૦-૨૦૧૭ | હરિભક્તિ ચૅરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | ૧૫૦૦૦ | બીના શ્રેયસ પંડ્યા હેલ્થ ઍજ્યુ.સેન્ટર |
| ૨૪. | ૧૪-૧૦-૨૦૧૭ | સૌરિન દિનેશભાઈ શાહ, અમદાવાદ | ૨૫૦૦૦૦ | દિશા ફાઉન્ડેશન ડૅન્ટલ કલિનીક સેવા-સહકાર |
| ૨૫. | ૧૮-૧૦-૨૦૧૭ | હંસાબહેન જે. શાહ, અમદાવાદ | ૨૦૦૦ | સ.પ. સિનીયર સીટીઝન હૅલ્થકેર અને ટિફીન સેવા સેવા-સહકાર |
| ૨૬. | ૧૯-૧૦-૨૦૧૭ | ધનંજય આર. જાની, અમદાવાદ | ૧૦૦૦ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૨૭. | ૨૪-૧૦-૨૦૧૭ | હેમંત આઈ. મોદી, અમદાવાદ | ૨૦૦૦૦૦ | સુવર્ણાબહેન ઈશ્વરલાલ મોદી ફિઝીયોથેરાપી સેવા-સહકાર |
| ૨૮. | ૨૪-૧૦-૨૦૧૭ | દર્શિત કે. શાહ, અમદાવાદ | ૫૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૨૯. | ૨૫-૧૦-૨૦૧૭ | પ્રદીપ મેંઢે, અમદાવાદ | ૨૦૦૦ | સંત પુનિત ખીચડી સેવા પ્રસાદ |
| ૩૦. | ૨૮-૧૦-૨૦૧૭ | ઉષાબહેન એસ. મહેતા, અમદાવાદ | ૧૦૦૦૦ | સ.પ. સિનીયર સીટીઝન હૅલ્થકેર સેવા-સહકાર |
| ૩૧. | ૩૦-૧૦-૨૦૧૭ | માયાભાઈ/કંચનબહેન ગજરાવાળા-ન્યુજર્સી | ૨૫૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૩૨. | ૩૧-૧૦-૨૦૧૭ | રંજનબહેન એમ. ત્રિવેદી, અમદાવાદ | ૨૫૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ અને શીરો પ્રસાદ સેવા-સહકાર |
| ૩૩. | ૨-૧૧-૨૦૧૭ | હરવિલાસ મહેતા, અમદાવાદ | ૨૦૦૦ | સ.પ. ટિફીન સેવા-સહકાર વી.એસ. |
| ૩૪. | ૨-૧૧-૨૦૧૭ | મોહનલાલ/ચંપાબહેન દેસાઈ, અમદાવાદ | ૨૬૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૩૫. | ૨-૧૧-૨૦૧૭ | મગનલાલ બી. પટેલ, બેલગાવી | ૫૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૩૬. | ૩-૧૧-૨૦૧૭ | પાંચકુવા કાપડ મહાજન ધાર્મિક ટ્રસ્ટ, અમદાવાદ | ૨૦૦૨ | આંજનેય વુમેન અને ચાઈલ્ડ હૅલ્થકેર સેન્ટર |
| ૩૭. | ૬-૧૧-૨૦૧૭ | ચંદુલાલ પી. ઠક્કર, અમદાવાદ | ૨૦૦૦ | સ.પ. આરોગ્યલક્ષી સેવાફંડ |

| | | | |
|---|---|---|---|
| ૩૮. ૭-૧૧-૨૦૧૭ | નવનીત ઠાકરશી, અમદાવાદ | ૨૫૦૦૦ | બીના શ્રેયસ પંડ્યા હેલ્થ એજ્યુ.સેન્ટર |
| ૩૯. ૭-૧૧-૨૦૧૭ | રવિકુમાર બી. વ્યાસ, ઉજ્જૈન | ૧૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૪૦. ૭-૧૧-૨૦૧૭ | નલિન પી. વ્યાસ, અમદાવાદ | ૫૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૪૧. ૮-૧૧-૨૦૧૭ | મધુકાન્તા જે. પારેખ, મુંબઈ | ૭૩૫૦ | સ.પ. દર્દી સાધન સુશ્રૂષા અને સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૪૨. ૮-૧૧-૨૦૧૭ | હરિહરભાઈ બી. ભટ્ટ, અમદાવાદ | ૧૧૦૦૦ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૪૩. ૯-૧૧-૨૦૧૭ | અશ્વિન આર. શાહ, અમદાવાદ | ૧૦૦૦૦ | સ.પ. વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર તીથિ ભોજન સેવા-સહકાર |
| ૪૪. ૯-૧૧-૨૦૧૭ | આશાબહેન ધનરાજાની, અમદાવાદ | ૧૨૫૦ | સ.પ. વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર તીથિ ભોજન સેવા-સહકાર |
| ૪૫. ૯-૧૧-૨૦૧૭ | ધર્મિષ્ઠાબહેન એ. કે. ગાંધી, નડીઆદ | ૧૧૦૦ | સ.પ. સદ્ભાવ સેવા કેન્દ્ર, વી.એસ. |
| ૪૬. ૧૦-૧૧-૨૦૧૭ | વી. પી. શાહ, અમદાવાદ | ૧૬૦૦૦ | સ.પ. દર્દી સેવા સાધન શુશ્રૂષા સેવા-સહકાર |
| ૪૭. ૧૦-૧૧-૨૦૧૭ | યોગેશ્વર પોલીમર્સ, અમદાવાદ | ૧૫૦૦૦ | સ.પ. સિનિયર સિટીઝન હૅલ્થકેર સેન્ટર સેવા-સહકાર |
| ૪૮. ૧૦-૧૧-૨૦૧૭ | ગોવર્ધનલાલ માલીવાલ, બરોડા | ૧૦૦૦૦ | સ.પ. વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર તીથિ ભોજન સેવા-સહકાર |
| ૪૯. ૧૩-૧૧-૨૦૧૭ | વકીલ પ્રવીણ કાંતિલાલ, મુંબઈ | ૧૦૦૦૧ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૫૦. ૧૪-૧૧-૨૦૧૭ | મીતાબહેન કે. દવે, અમદાવાદ | ૫૦૦૧ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૫૧. ૧૪-૧૧-૨૦૧૭ | સદ્ભાવ સેવા કેન્દ્ર, અમદાવાદ | ૪૭૭૦ | સ.પ. સદ્ભાવ સેવા કેન્દ્ર, વી.એસ. |
| ૫૨. ૧૪-૧૧-૨૦૧૭ | ડૉ. કે. યુ. લવિંગીયા, અમદાવાદ | ૨૦૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૫૩. ૧૭-૧૧-૨૦૧૭ | ગુલાબરાય એચ. નંદા, જામનગર | ૨૪૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૫૪. ૧૭-૧૧-૨૦૧૭ | પ્રમીલાબહેન કે. મહેતા, મુંબઈ | ૧૦૦૦૦ | એચ.પી.એસ.પી. આંખની હૉસ્પિટલ, સ.પ.અન્નદાન-મહાદાન, શીરો પ્રસાદ અને દર્દી સેવા સાધન શુશ્રૂષા સેવા-સહકાર |
| ૫૫. ૨૧-૧૧-૨૦૧૭ | જિતેન્દ્રભાઈ એચ. સવાઈ, અમદાવાદ | ૨૪૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૫૬. ૨૧-૧૧-૨૦૧૭ | જિતેન્દ્રભાઈ એચ. સવાઈ, અમદાવાદ | ૨૪૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

| | | | | |
|---|---|---|---|---|
| ૫૭. | ૨૪-૧૧-૨૦૧૭ | રામભરોસે | ૨૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૫૮. | ૨૫-૧૧-૨૦૧૭ | સંધ્યાબહેન ત્રિપાઠી, અમદાવાદ | ૨૦૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૫૯. | ૨૫-૧૧-૨૦૧૭ | કેતનભાઈ મહેતા, અમદાવાદ | ૧૨૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૬૦. | ૨૮-૧૧-૨૦૧૭ | સેજલ/દર્શિલ મોદી, અમદાવાદ | ૨૪૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૬૧. | ૧-૧૨-૨૦૧૭ | ચિંતનભાઈ સોની, અમદાવાદ | ૧૧૦૦ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૬૨. | ૪-૧૨-૨૦૧૭ | મનન એસ. શાહ, અમદાવાદ | ૧૦૦૦૦ | સ.પ. વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉંવારસદ |
| ૬૩. | ૫-૧૨-૨૦૧૭ | નિરંજનાબહેન એસ. શાહ, અમદાવાદ | ૧૦૦૦ | સ.પ.સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૬૪. | ૭-૧૨-૨૦૧૭ | પુષ્પાબહેન વિ. ગાંધી, અમદાવાદ | ૨૦૦૦ | સ.પ.સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૬૫. | ૭-૧૨-૨૦૧૭ | કનુભાઈ એચ. આચાર્ય, અમદાવાદ | ૧૦૦૦ | સ.પ. ધાબળા દાન સેવા-સહકાર |
| ૬૬. | ૭-૧૨-૨૦૧૭ | વાડીલાલ ગાંધી, અમદાવાદ | ૧૨૫૧ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૬૭. | ૯-૧૨-૨૦૧૭ | હસુમતિ કે. શાહ, અમદાવાદ | ૧૫૦૦૦ | સ.પ. વિકલાંગ પુનર્વાસ તીથિ-ભોજન અને સ.પ. દર્દી સેવા સાધન સુશ્રૂષા સેવા-સહકાર |
| ૬૮. | ૧૧-૧૨-૨૦૧૭ | કેતનભાઈ સી. ઠક્કર, અમદાવાદ | ૫૧૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૬૯. | ૧૨-૧૨-૨૦૧૭ | માયાબહેન લક્ષ્મીચંદ એન્ડ-એન.એમ.ચૅરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | ૫૦૦૦ | સ.પ. ધાબળા દાન સેવા-સહકાર |
| ૭૦. | ૧૨-૧૨-૨૦૧૭ | ભદ્રાબહેન વિ. દવે, અમદાવાદ | ૨૦૦૦ | સ.પ. સિનિયર સિટીઝન હૅલ્થકેર સેવા-સહકાર |
| ૭૧. | ૧૨-૧૨-૨૦૧૭ | સદ્ભાવ સેવા કેન્દ્ર, અમદાવાદ | ૧૧૭૧૧ | સ.પ. સદ્ભાવ સેવા કેન્દ્ર, વી.એસ. |
| ૭૨. | ૧૩-૧૨-૨૦૧૭ | સુલોચનાબહેન આર. શાહ, અમદાવાદ | ૨૦૦૦ | એચપીએસપી આંખની હૉસ્પિટલ, નરોડા, અમદાવાદ |
| ૭૩. | ૧૩-૧૨-૨૦૧૭ | રશ્મીકાંતભાઈ શાહ, અમદાવાદ | ૧૦૦૦ | એચપીએસપી આંખની હૉસ્પિટલ, નરોડા, અમદાવાદ |
| ૭૪. | ૧૩-૧૨-૨૦૧૭ | દક્ષાબહેન બી. શાહ, અમદાવાદ | ૨૦૦૦ | એચપીએસપી આંખની હૉસ્પિટલ, નરોડા, અમદાવાદ |
| ૭૫. | ૧૩-૧૨-૨૦૧૭ | કૈલાસબહેન આઈ. પાસાવાલા,અમદાવાદ | ૬૦૦૦ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૭૬. | ૧૩-૧૨-૨૦૧૭ | હરેનભાઈ પી. શાહ, અમદાવાદ | ૧૫૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૭૭. | ૧૩-૧૨-૨૦૧૭ | વિનીતકુમાર એચ. પટેલ, અમદાવાદ | ૧૨૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૭૮. | ૧૩-૧૨-૨૦૧૭ | લતાબહેન એચ. પટેલ, અમદાવાદ | ૧૨૦૦ | સ.પ. શીરો પ્રસાદ સેવા-સહકાર |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

| | | | | |
|---|---|---|---|---|
| ૭૯. | ૧૫-૧૨-૨૦૧૭ | તરંગ જે. ચોકસી, અમદાવાદ | ૯૦૦૦૦ | સ.પ. સમર્પણ વિદ્યાપીઠ સેવા-સહકાર |
| ૮૦. | ૧૬-૧૨-૨૦૧૭ | રંજનબહેન એમ. ત્રિવેદી, અમદાવાદ | ૫૦૦૦ | સંત પુનિત ખીચડી પ્રસાદ અને શીરો પ્રસાદ સેવા-સહકાર |
| ૮૧. | ૧૬-૧૨-૨૦૧૭ | હસમુખભાઈ વિ. પટેલ, અમદાવાદ | ૩૬૧૦૦ | સ.પ. દર્દી સેવા સાધન સેવા-સુશ્રૂષા સેવા-સહકાર |
| ૮૨. | ૧૮-૧૨-૨૦૧૭ | મલય પંકજકુમાર અધ્વર્યુ, અમદાવાદ | ૩૦૦૦ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૮૩. | ૧૮-૧૨-૨૦૧૭ | કેશવલાલ એ. પટેલ, અમદાવાદ | ૧૦૮૦૦ | સ.પ. દર્દી સેવા સાધન સેવા-સુશ્રૂષા, અન્નદાન-મહાદાન અને સંત પુનિત ખીચડી પ્રસાદ સેવા-સહકાર |
| ૮૪. | ૧૮-૧૨-૨૦૧૭ | શ્રી કડી એ.એસ.બી. મંડળ, અમદાવાદ | ૩૦૦૦ | સ.પ. સેવા-સહકાર પ્રવૃત્તિ |
| ૮૫. | ૧૮-૧૨-૨૦૧૭ | ફાયઝર પ્રોડક્ટસ ઈન્ડીયા પ્રા.લી. | ૫૯૪૦૦ | બીના શ્રેયસ પંડ્યા હેલ્થ ઍજ્યુ.સેન્ટર |
| ૮૬. | ૧૯-૧૨-૨૦૧૭ | ઈલાબહેન સંઘવી, અમદાવાદ | ૫૦૦૧ | સ.પ. સિનિયર સિટીઝન હૅલ્થકેર સેવા-સહકાર |
| ૮૭. | ૧૯-૧૨-૨૦૧૭ | પી. કે. લહેરી, અમદાવાદ | ૨૦૦૦૦ | શિક્ષણ ફંડ સેવા-સહકાર |
| ૮૮. | ૨૨-૧૨-૨૦૧૭ | નોવાર્ટીસ ઈન્ડીયા લી., મુંબઈ | ૫૮૮૦૦ | બીના શ્રેયસ પંડ્યા હેલ્થ ઍજ્યુ.સેન્ટર |
| ૮૯. | ૨૩-૧૨-૨૦૧૭ | અંકુર પંડ્યા, મુંબઈ | ૧૫૦૦૦ | સ.પ. ધાબળા દાન સેવા-સહકાર |
| ૯૦. | ૨૮-૧૨-૨૦૧૭ | મૂકેશ ધીરજલાલ મહેતા, અમદાવાદ | ૧૧૦૦ | સ.પ. અન્નદાન-મહાદાન સેવા-સહકાર |
| ૯૧. | ૨૮-૧૨-૨૦૧૭ | ડૉ. પંકજ શાહ એચયુએફ | ૫૦૦૦૦ | ટ્રસ્ટ ફંડ |
| ૯૨. | ૨૯-૧૨-૨૦૧૭ | અર્થ એર ટૅકનોલોજીસ પ્રા.લી. | ૪૦૦૦૦ | સ.પ. સમર્પણ વિદ્યાપીઠ સેવા-સહકાર |

## તા.૧-૧૦-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં
## સદ્‌વિચાર : વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર - ઉંવારસદને પ્રાપ્ત દાનની વિગત

| ક્રમ. | તારીખ | નામ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧. | ૯-૧૦-૨૦૧૮ | ધુળાભાઈ કચરાભાઈ પ્રજાપતિ, અમદાાવદ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૨. | ૯-૧૦-૨૦૧૮ | ધુળાભાઈ કચરાભાઈ પ્રજાપતિ, અમદાાવદ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૩. | ૯-૧૦-૨૦૧૭ | દક્ષાબહેન પરેશભાઈ પટેલ, અમદાવાદ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૪. | ૧૧-૧૦-૨૦૧૭ | અનીલભાઈ ભગવાનભાઈ પટેલ, પોર | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૫. | ૧૧-૧૦-૨૦૧૭ | નીતાબહેન અરોરા, ગાંધીનગર | ૨૦૯૦ | સેવા-સહયોગ |
| ૬. | ૧૩-૧૦-૨૦૧૭ | સુશીલાબહેન સુર્યકાંત મહેતા, ગાંધીનગર | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૭. | ૧૩-૧૦-૨૦૧૭ | ઘનશ્યામભાઈ જી. પ્રજાપતિ, વામજ | ૬૦૦૦ | સેવા-સહયોગ |
| ૮. | ૧૩-૧૦-૨૦૧૭ | વિધીબહેન નીલયકુમાર પટેલ, અમદાવાદ | ૧૧૦૦ | પ્રવાસ સહયોગ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯. | ૧૬-૧૦-૨૦૧૭ | સુર્યકાંત આર. મહેતા, ગાંધીનગર | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૦. | ૧૬-૧૦-૨૦૧૭ | દક્ષાબહેન અતુલભાઈ પાલખીવાળા, ગાંધીનગર | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૧. | ૧૬-૧૦-૨૦૧૭ | ધરમપાલ ગંગારામ સોમરીયા, અમદાવાદ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૨. | ૧૬-૧૦-૨૦૧૭ | કીશન સ્વરૂપ પ્રજાપતિ, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૩. | ૧૬-૧૦-૨૦૧૭ | આરતીબહેન વિમલભાઈ શેઠ, ગાંધીનગર | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૪. | ૧૬-૧૦-૨૦૧૭ | સ્મીતાબહેન અશ્વિનભાઈ શાહ, ગાંધીનગર | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૫. | ૧૬-૧૦-૨૦૧૭ | પ્રિયમભાઈ એન. પટેલ, અમદાવાદ | ૨૧૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૬. | ૧૬-૧૦-૨૦૧૭ | અંકિતકુમાર નટુભાઈ પટેલ, ગાંધીનગર | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૭. | ૯-૧૧-૨૦૧૭ | અરવિંદભાઈ ખોડાભાઈ પટેલ, કડી | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૮. | ૧૪-૧૧-૨૦૧૭ | દેવમ્ ચિંતન પટેલ, અમદાવાદ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૯. | ૧૫-૧૧-૨૦૧૭ | નીતિનભાઈ સીઓજીયા, રાજકોટ | ૨૦૦૦ | પ્રવાસ સહયોગ |
| ૨૦. | ૧૫-૧૧-૨૦૧૭ | સંજયભાઈ પટેલ, રાજકોટ | ૨૦૦૦ | પ્રવાસ સહયોગ |
| ૨૧. | ૧૫-૧૧-૨૦૧૭ | ધીરજલાલ કે. ગારધરીયા, અડાલજ | ૨૦૦૦ | પ્રવાસ સહયોગ |
| ૨૨. | ૧૫-૧૧-૨૦૧૭ | ગૌરાંગ ડી. ગારધરીયા, પૂણે | ૨૦૦૦ | પ્રવાસ સહયોગ |
| ૨૩. | ૧૫-૧૧-૨૦૧૭ | વંદના ગઢવી, પૂણે | ૨૦૦૦ | પ્રવાસ સહયોગ |
| ૨૪. | ૧૬-૧૧-૨૦૧૭ | પોપટભાઈ ડાહ્યાભાઈ પટેલ, અમદાવાદ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૫. | ૧૮-૧૧-૨૦૧૭ | અશોકભાઈ રણછોડભાઈ પટેલ, અડાલજ | ૧૧૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૬. | ૧૯-૧૧-૨૦૧૭ | રામભાઈ ટી. લેખવાણી, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૭. | ૧૯-૧૧-૨૦૧૭ | સોનુ આર. રામસીંગભાઈ, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૮. | ૧૯-૧૧-૨૦૧૭ | કિરણ એ. ખીલાનાની, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૯. | ૧૯-૧૧-૨૦૧૭ | મનીષ હંસરાજાની, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૦. | ૧૯-૧૧-૨૦૧૭ | અમીત કે. શોભરાજાની, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૧. | ૨૯-૧૧-૨૦૧૭ | વિશાલભાઈ ભરતભાઈ પટેલ, કારજીશણ | ૧૧૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૨. | ૧-૧૨-૨૦૧૭ | સતપાલસિંહ એચ. બાલ, ગાંધીનગર | ૬૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૩. | ૧-૧૨-૨૦૧૭ | પલ્લવકૌર દીલભાગસિંહ, ગાંધીનગર | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૪. | ૧-૧૨-૨૦૧૭ | જાસનકૌર સતનામસિંહ, ગાંધીનગર | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૫. | ૧-૧૨-૨૦૧૭ | શાર્દુલભાઈ એચ.ગમારા, ગાંધીનગર | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૬. | ૭-૧૨-૨૦૧૭ | સંદીપભાઈ રસિકભાઈ પટેલ, અમદાવાદ | ૭૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૭. | ૧૩-૧૨-૨૦૧૭ | બાબુભાઈ કેશવલાલ પટેલ, ગાંધીનગર | ૭૭૦૦ | સેવા-સહયોગ |
| ૩૮. | ૧૩-૧૨-૨૦૧૭ | રામેસીમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, રાડેસણ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૯. | ૧૮-૧૨-૨૦૧૭ | પટેલ સચીન, ભાટ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૦. | ૧૮-૧૨-૨૦૧૭ | હેમંતભાઈ કાંતિભાઈ પટેલ, ભાટ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૧. | ૧૮-૧૨-૨૦૧૭ | સુર્યકાંતભાઈ મણીલાલ ખમાર, ગાંધીનગર | ૭૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૨. | ૧૯-૧૨-૨૦૧૭ | શાંતિબહેન પટેલ, યુ.એસ.એ. | ૧૦૦૦ | સેવા-સહયોગ |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩. | ૨૦-૧૨-૨૦૧૭ | રતિલાલ એસ. પટેલ, ગાંધીનગર | ૧૧૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૪. | ૨૦-૧૨-૨૦૧૭ | ભરતભાઈ જી. પટેલ, મહેસાણા | ૨૦૦૦૦ | મ્યુઝિક સાધન સહયોગ |
| ૪૫. | ૨૦-૧૨-૨૦૧૭ | પટેલ લીલાબહેન ડાહ્યાભાઈ, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૬. | ૨૦-૧૨-૨૦૧૭ | પટેલ મેનાબહેન કેશવલાલ, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૭. | ૨૦-૧૨-૨૦૧૭ | પટેલ ડાહ્યાભાઈ આત્મારામ, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૮. | ૨૦-૧૨-૨૦૧૭ | પટેલ કેશવલાલ આત્મારામ, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૯. | ૨૨-૧૨-૨૦૧૭ | પ્રજાપતિ વિષ્ણુભાઈ કાંતિલાલ, અમદાવાદ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૦. | ૨૨-૧૨-૨૦૧૭ | પ્રજાપતિ રમેશભાઈ અંબાલાલ, ગાંધીનગર | ૧૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૧. | ૨૭-૧૨-૨૦૧૭ | ભાવેશભાઈ રમણભાઈ પટેલ, ઉંટવા | ૧૧૦૦૦ | બેડસીટ સહયોગ |
| ૫૨. | ૨૭-૧૨-૨૦૧૭ | બાબુભાઈ મણિલાલ પટેલ, ઉંટવા | ૫૦૦૦ | બેડસીટ સહયોગ |
| ૫૩. | ૨૭-૧૨-૨૦૧૭ | વસંતભાઈ મણીલાલ પટેલ, ઉંટવા | ૫૦૦૦ | બેડસીટ સહયોગ |
| ૫૪. | ૨૮-૧૨-૨૦૧૭ | કલગી આશીલ શાહ, અમદાવાદ | ૯૦૦૦ | એમ્પ્લીફાયર સહયોગ |
| ૫૫. | ૨૮-૧૨-૨૦૧૭ | ચીરાગભાઈ હેમંતભાઈ પટેલ, અમદાવાદ | ૧૦૦૦ | એમ્પ્લીફાયર |
| ૫૬. | ૩૦-૧૨-૨૦૧૭ | પાર્થ બી. પટેલ, વાવોલ | ૧૦૦૦૦ | સેવા-સહયોગ |

**તા.૧-૪-૨૦૧૭ થી ૩૦-૬-૨૦૧૭ સુધીમાં**

**હરગોવનદાસ પ્રભુદાસ સદ્‌વિચાર પરિવાર આંખની હોસ્પિટલ - નરોડાને પ્રાપ્ત દાનની વિગત**

| ક્રમ. | તારીખ | નામ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧. | ૧૬-૧૦-૨૦૧૭ | કમલાબહેન દશરથભાઈ પંચાલ | ૧૦૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૨. | ૯-૧૧-૨૦૧૭ | એચ. જે. ઠક્કર | ૧૯૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૩. | ૧૪-૧૧-૨૦૧૭ | રામભાઈ આર. પટેલ | ૧૫૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૪. | ૧૪-૧૧-૨૦૧૭ | એલ. એમ. ચુડાસમા | ૧૩૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૫. | ૧૭-૧૧-૨૦૧૭ | પરેશભાઈ પી. પંચાલ | ૧૫૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૬. | ૨૦-૧૧-૨૦૧૭ | છગનભાઈ કે. વાજા | ૨૦૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૭. | ૨૭-૧૧-૨૦૧૭ | ગાભાજી રામજી સોલંકી | ૧૦૦૧ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૮. | ૨૮-૧૧-૨૦૧૭ | એચ. એલ. ચૌહાણ | ૧૫૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૯. | ૨૮-૧૧-૨૦૧૭ | વી. એચ. ચુડાસમા | ૧૫૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૧૦. | ૨-૧૨-૨૦૧૭ | અનુરાગ દ્વિવેદી | ૧૧૦૧ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૧૧. | ૧૫-૧૨-૨૦૧૭ | રાજેશ કે. જાદવ | ૧૯૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૧૨. | ૧૫-૧૨-૨૦૧૭ | રમેશભાઈ શાહ | ૧૧૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૧૩. | ૧૯-૧૨-૨૦૧૭ | રામભરોસે | ૧૦૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૧૪. | ૨૫-૧૨-૨૦૧૭ | વિરેન્દ્રસિંહ રાજપૂત | ૧૦૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |
| ૧૫. | ૨૬-૧૨-૨૦૧૭ | વી. એમ. ચુડાસમા | ૫૦૦૦ | આઈ કેમ્પ ડૉનેશન |